॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ રાષ્ટ્રના રોમેરોમે શ્રીરામ અને શ્રીકૃષ્ણ ॥

જો 'રામાયણ' અને 'મહાભારત' ન સર્જાયાં હોત તો આ દેશ આધ્યાત્મિક રીતે કેટલો અકિંચન રહી જાત ! આ બંને મહાન કૃતિઓ દ્વારા મહાન ધર્મોપદેશકો; આચાર્યો, મહાત્માઓ અને સંતોની આજ સુધી વહેતી પરંપરાથી ભારતનો પાંચ હજાર વર્ષનો 'ઉજ્જવળ વારસો' ધારી પ્રત્યેક ભારતીય વ્યવહાર કરે છે અને વિહરે છે; 'એના આધ્યાત્મિક પિંડનો એ અપરિહાર્ય અંશ છે.' આજ છે ભારતની અનન્યતા. આ જ છે તેનું અનન્ય આકર્ષણ. આપણા સામાજિક દોષો અને ખામીઓને ભૂલવા પૂરતું આ અભિમાનનું ઢાંકણ નથી. આ તો 'આત્મવિસ્મરણમાંથી ઉગારનાર પ્રકાશ' છે. નવા નવા ઉદ્ધારમાર્ગે પ્રસ્થાન કરવાની પ્રેરણા છે. અલબત્ત, વેદ-ઉપનિષદ વગેરેમાં પણ ભારતની સાંસ્કૃતિક અનન્યતાનું દર્શન થાય છે પણ દેશના રોમેરોમે જે 'રામ' અને 'કૃષ્ણ' વસ્યા છે તેમાં પ્રજા તરીકે આપણો રાષ્ટ્રીય મહિમા છે.

આજે સવારે પસ્તીવાળો મને 'મંગળપ્રભાત' કરતો કહે, 'બાપા, રામ રામ.' મેં એ જ બોલથી વંદન ઝીલ્યું. બપોરે એક મિત્રના અણધાર્યા અવસાનના સમાચાર જાણી, ખેદથી 'રામ રામ !' બોલાઈ ગયું. સાંજે રામ-સીતાની કરુણ કથાનો ઉલ્લેખ થતાં જ મારાથી 'રામ રામ' જ બોલાઈ ગયું ! 'જય શ્રીરામ' ઉચ્ચારતાં જ આપણા હૃદયમાં આત્મીયતાનો અનેરો આહ્‌લાદ વ્યાપી જાય છે.

**–શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી**

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

# ॥ વિશેષ દિન : શિક્ષકદિન ॥

## ૫ સપ્ટેમ્બર, ૨૦૨૦

**એક રામ દશરથ કા બેટા ।**
**દૂજા રામ ઘટ ઘટ મેં બૈઠા ॥**
**તીજે રામ કા સકલ પૈસારા ।**
**ચૌથા રામ હૈ સબ સે ન્યારા ॥**

**—સંતકવિ કબીર**



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. | શિવ મહાદેવ કેમ કહેવાય છે ? | સંકલન | ૮ |
| ૩. | સાચા શિવપૂજનની સમજ | શ્રી 'મા' સર્વેશ્વરી | ૧૧ |
| ૪. | 'સ્વર્ગારોહણ'માં શિવસ્તુતિ-અભિષેક | તરલા દેસાઈ | ૧૯ |
| ૫. | શ્રીરામ | શ્રી યોગેશ્વરજી | ૨૧ |
| ૬. | શ્રીકૃષ્ણ | શ્રી યોગેશ્વરજી | ૩૨ |
| ૭. | જીવનની ક્ષણભંગુરતા | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૪૦ |
| ૮. | 'કાદવ અને કમળ' | ડૉ. પ્રચેતા પંડ્યા | ૪૮ |
| ૯. | સાચો શિક્ષક | સ્વામી આનંદ વૈરાગ્ય | ૬૦ |
| ૧૦. | વિદ્યાલયો કેવાં હોવાં જોઈએ ? | શ્રી વિમલા ઠકાર | ૬૩ |


### ॥ ક્ષમસ્વ ॥

'અધ્યાત્મ'ના ઑગસ્ટના અંકમાં—

૧. લેખ નં. ૬ના પાના નં. ૪૩ પર 'શિવકુમાર'ને બદલે ભૂલથી 'શિવકુમારી' છપાયા બદલ.

૨. લેખ નં. ૮ના પાના નં. ૫૭ પર લેખના શીર્ષકમાં 'પ્રશસ્તિ'ને બદલે 'પ્રશિસ્ત' છપાયા બદલ.

**—તરલા દેસાઈ**
(પ્રૂફ રીડર)

# નિવેદન : 'શિક્ષકો ! ચેતનાનો સાદ સાંભળો.'

માઈકલ એન્જેલોને જ્યારે તેની જગપ્રસિદ્ધ શિલ્પકૃતિનું રહસ્ય પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું; 'હું જ્યારે રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે વચ્ચોવચ્ચ પડેલા એક પથ્થરમાં સ્થિત મેરી અને જિસસ જાણે મને સાદ પાડતાં હતાં, 'તું અમારી પાસે આવ, અમારી પાસે આવ.' ને એ પથ્થર મેં ઘરે મંગાવી લીધો અને બસ આ શિલ્પ સ્વતઃ રચાયું.'

એક શિલ્પકારને 'નિર્જીવ પથ્થરનો સાદ' સંભળાયો એમ જો શિક્ષકને 'સજીવ વિદ્યાર્થીની ચેતનાનો પોકાર' સંભળાય ને જો એની શક્તિ એને તરાશવાના કાર્યમાં લાગી જાય; તો સમાજને પ્રતિભાવંત વિદ્યાર્થીઓ પ્રાપ્ત થાય. જેનાથી સમાજમાં મહાન આદર્શો, ઊંચા મૂલ્યોથી સંચારિત માનવીઓની એક ઊજળી પરંપરા સિદ્ધ થાય.

પરિણામે આપણા શ્રેષ્ઠ કથાકાર ને ઉમદા લોકશિક્ષક શ્રી મોરારીબાપુ કહે છે તેમ; 'સમાજના ઉત્કર્ષ માટે 'રામઃ રામૌ રામાઃ' એ એકવચન, દ્વિવચન અને બહુવચનનું રસાયણ થવું જરૂરી છે. એકવચન એટલે 'શિક્ષક', દ્વિવચન એટલે 'વિદ્યાર્થી'ને બહુવચન એટલે 'સમાજ'. શિક્ષક શુદ્ધ હોય તો વિદ્યાર્થી પવિત્ર થાય, એ ઉભયથી સમાજ, રાષ્ટ્ર, વિશ્વ સફળ થાય.'

વળી, શિક્ષણમાં વિદ્યા, વિનય, નિપુણતા, ગુણો, શીલની સ્થાપના થાય તો તેને સાચી દિશામાં ગતિ મળે. શિક્ષક પોતે શિક્ષણકાર્યમાં મન-વચન-કર્મથી સિદ્ધ હોય તો વિદ્યાર્થીને સાધક બનાવી, પરમેશ્વરની અનુભૂતિ કરાવે.

આપણા સદ્ભાગ્યે આપણને પૂજ્યશ્રી યોગેશ્વરજી તેમજ પૂ.શ્રી 'મા' જેવાં ચૈતન્યસ્વરૂપો ઉત્તમોત્તમ શિક્ષકોરૂપે પ્રાપ્ત થયા છે. જો કે, એમણે 'આપણી ચેતનાના સાદની રાહ જોયા વિના,' આપણી સુષુપ્ત ચેતનાને જગાવવા પ્રાણપણે મથી, પ્રેમ-કરુણાનો અસ્ખલિત પ્રવાહ વહેતો કરી, આપણને કૃતજ્ઞતાથી ભીંજવી દીધા છે. ઉભય કરુણાનિધાન પરમ ચૈતન્યને આપણા સર્વના કોટિ કોટિ પ્રણામ !



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૮૦**

**તા. ૪-૨-૮૩, શુક્રવાર, મહા વદ સાતમ ૨૦૩૯**

**ઈસ્ટ લંડન**

સંતપ્રકૃતિના જે પુરુષ આ પરિવારમાં થયા તેમણે ચિંતનાત્મક લેખો અને કાવ્યો પણ લખ્યાં છે. નિયમિત ત્રણ કલાકની સાધના કરનારી તે વ્યક્તિ આખાયે દેશમાં સંત કે મહાત્મા લહરીને નામે ખૂબ જાણીતી હતી. પરંતુ હવે એ પરિવારમાં દરરોજ નિયમિત સમૂહપ્રાર્થનાના સંસ્કાર સિવાય અન્ય બાબતો વિવેક, આદર, સેવાભાવ ભાગ્યે જ જોવા મળે છે. સમાજક્ષેત્રે પણ સેવાની જાહેર પ્રવૃત્તિ આ પરિવાર કરે છે. તેથી એવા જાણીતા પરિવારમાં બધાંને ઉતારવામાં આવે છે. એથી, કદાચ આ પરિવાર સૌને ઉતારવા ખાતર ઉતારતો હોય એવો અનુભવ સહજ રીતે થાય છે.

અમારે અહીં પણ જાતે જ ભોજન બનાવવાનું હતું. આજે જ્યારે અમે ભોજન બનાવવા રસોડામાં ગયાં ત્યારે ત્યાં કોઈ હાજર જ ન હતું. ટેબલ ઉપર દાળ, ચોખા પડ્યા હતા તે અમે પકાવી લીધાં. આ પરિવારનો સ્ત્રીવર્ગ પોતાના ઓરડામાં જ હતો અને છતાં, એમને ત્યાં ઊતરેલા એક સંતપુરુષ ભોજન બનાવવા રસોડામાં આવ્યા છે ત્યારે એમને કશું જોઈએ છે કે કેમ એવું પૂછવા આવવાના વિવેકનું કે ફરજનું ત્યાં દર્શન પણ ના થયું.

પૂ.શ્રીએ ભોજન બનાવતી વખતે બાલાશંકર કંથારીયાનું

એક કાવ્ય મોટેથી ગાયા કર્યું. જેની પ્રથમ બે પંક્તિ આ રીતે હતીઃ

**ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે;**
**ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.**

આખાયે કાવ્યમાં, આવી પડેલી પરિસ્થિતિને પ્રભુની જ ઈચ્છા માનીને એવી પળોને પણ પ્રેમથી સ્વીકારી લેવી એવો ભાવાર્થ હતો.

પૂ.શ્રીએ વાતો કરતાં કહ્યુંઃ આદર્શ વ્યવહાર તો શું, અતિથિ સાથેની રીતભાત પણ દેખાતી નથી. કેવી જડતા છે! જનતાને સત્સંગનો લાભ મળે એ વિશાળ દૃષ્ટિથી આપણે આ બધું હસતે મોઢે ચલાવી લેવાનું. પણ આ રીતભાત યોગ્ય નથી. સંતમહાત્માઓ પ્રત્યે આવી જ બેદરકારી હોય તો સત્સંગ માટે પણ અહીં કોણ આવશે? અને તો પછી ધર્મની રક્ષા કેવી રીતે થશે?

જે હતું તેમાંથી ભોજન બનાવીને અમે અમારા ઓરડામાં લઈ આવ્યાં. એટલે તરત જ પરિવારનો સ્ત્રીવર્ગ રસોડામાં પહોંચી ગયો.

આવી પરિસ્થતિમાં રહીને પણ, હવે એક જ દિવસ છે ને! એમ માનીને શાંતિથી હસતાં હસતાં એ દિવસ પસાર કર્યો.

સાંજે પ્રવચન થયું. દૂધ-ફળ લઈ આરામ કર્યો.

હરિઃ ॐ

**—'મા' સર્વેશ્વરી**



# ॥ શિવ મહાદેવ કેમ કહેવાય છે ? ॥

આપણી ધાર્મિક પરંપરામાં 'શિવ'ને જ 'મહાદેવ' કહ્યા છે. 'મહા' શબ્દ કેવળ 'શિવના દેવત્વનું જ ભૂષણ' બન્યો છે. કારણ કે અન્ય દેવોને વિવિધ વસ્ત્રાલંકાર, સ્થાન, માનપાન, સજાવટ વગેરે જોઈએ. જ્યારે શિવને કંઈ જ નહિ. કેવળ જળની ધારાથી એ સંતુષ્ટ ! સ્વયં ચર્મધારી ! પણ ભક્તના જરાક સરખા ભાવ સામે ભક્ત જે ઈચ્છે તે ધરી દે. એટલે જ તો એ 'આશુતોષ' કહેવાય છે. અન્ય દેવ ને સારા આવાસ જોઈએ. શિવે સ્મશાનમાં વાસ કર્યો. દેવોને ચંદન, કેસર, કંકુ, સિંદુર વગેરે જોઈએ. શિવને કેવળ ભસ્મ. બધા દેવોએ અમૃત માટે સમુદ્રમંથન કર્યું. એમાં ઝેર નીકળ્યું તો તે શિવે સ્વીકારી લીધું. તેથી તેઓ 'નીલકંઠ' કહેવાયા. દરેક દેવને મંગલમય ઉપકરણો જોઈએ. શિવે સઘળી અમંગલતાને સ્વીકારી. આમ ત્યાગ અને બલિદાનની, તપ અને સંયમની પરાકાષ્ઠા શિવમાં આવી પરિણામે અન્ય સહુ દેવ જ્યારે શિવ 'મહાદેવ' કહેવાયા.

ભારતીય સંસ્કૃતિમાં ત્યાગ, બલિદાન, તપ, સંયમની જે પ્રતિષ્ઠા થઈ છે તેટલી સંપત્તિ, પદ, સત્તા કે કોઈ સમૃદ્ધિની થઈ નથી. અને તેથી વેદના ઋષિઓ, બુદ્ધ, મહાવીર, શંકારાચાર્ય જેવાને જે સન્માન-ગૌરવ મળ્યાં છે તેટલા કોઈ રાજા, મહારાજા કે સત્તાવાન-ધનવાનને મળ્યાં નથી. આ સૂચન 'મહાદેવ'માંથી ઉપલબ્ધ થયું છે.

(તેઓ 'આદિદેવ' સૃષ્ટિના પ્રથમ દેવ ગણાયા છે. કેમકે 'આદીયન્તે સર્વભૂતાનિ અનેન ઈતિ'-સર્વ ભૂતોને સ્વીકારે છે માટે.)

શિવ શું છે ? કોણ છે ? જેમાંથી સઘળું ઉદ્ભવે છે, જેમાં બધું વિલય પામે છે તે. આ તત્ત્વ વિશ્વરૂપ છે. છતાં નિરાકાર છે. શબ્દ ને મન ત્યાં પહોંચવા મથે પણ જઈ જઈને પાછાં વળે એ શિવતત્ત્વ વિશે કંઈ જાણવું-સમજવું અત્યંત કઠિન છે. બ્રહ્મા અને વિષ્ણુ હજારો વર્ષ મથ્યા છતાં તેના આરંભ-અંત પામી શક્યા નથી.

★ પરમ શક્તિ પાર્વતીએ અનુભવ્યું કે, 'જે અકિંચન હોવા છતાં બધી સંપત્તિઓનું ઉદ્ભવસ્થાન છે. તે સ્મશાનવાસી હોવા છતાં ત્રિલોકનાથ છે. ભયાનકરૂપમાં રહેવા છતાં, એનું નામ 'શિવ' છે. આ પિનાકધારીનું યથાર્થ તત્ત્વ કોઈ જાણી શક્યું નથી.'

★ મહારાજ યુધિષ્ઠિરે શિવનો મહિમા જાણવા માગ્યો ત્યારે ભીષ્મપિતામહે કહ્યું; 'જે સર્વમાં રહે છે છતાં ક્યાંય કોઈને દેખાતા નથી. એ મહાદેવના ગુણોનું વર્ણન કરવા હું સર્વથા અસમર્થ છું. ને કોઈ દેહધારી મનુષ્ય મહાદેવનો મહિમા વર્ણવી શકે નહિ.'

★ શ્રીકૃષ્ણે કહ્યું; 'હિરણ્યગર્ભ, ઈન્દ્ર, મહર્ષિ વગેરે પણ શિવતત્ત્વ જાણવા અસમર્થ છે, હું પણ એમના કેટલાક ગુણો વિશે જ કહી શકું.'

આમ, શિવ વિશે કંઈપણ ઉચ્ચારવું એ દુઃસાહસ કે



અનધિકાર ચેષ્ટા જ કહેવાય એમ હતું. કિન્તુ શ્રી પુષ્પદન્તાચાર્યે એમના સુપ્રસિદ્ધ 'મહિમ્નસ્તોત્ર'ના આરંભમાં જ કહી દીધું : 'આપના મહિમાને પૂર્ણરૂપે જાણ્યા વિના સ્તુતિ કરવી અનુચિત હોય તો બ્રહ્માદિની વાણી પણ રોકાઈ જશે. તેથી પોત-પોતાની બુદ્ધિ અનુસાર જે જેટલું સમજી શક્યા છે, એટલું કહી દેવાનો એમનો અધિકાર દોષપૂર્ણ ઠરાવાય નહિ. ને તો તો પછી મારા જેવો ક્ષુદ્ર પણ સ્તુતિ માટે કેમ કમર ન કસે ?'

શ્વેતાશ્વતર ઉપનિષદમાં કહ્યું જ છે : 'રુદ્ર એક જ છે, જે પોતાની શક્તિથી બધા લોકોને પોતાના નિયંત્રણમાં રાખે છે. તેથી એ ઈશ્વર છે, એની બધા ઉપાસના કરે છે. એ બધા લોકોનું સર્જન કરીને અંતકાળે સંહાર પણ કરે છે. એ જ સર્વની ભીતર અન્તર્યામીરૂપે સ્થિત છે.'

**–સંકલન**

'હે શંભુ ! હું આપની પાસે શું માગું ? આપની પાસે મને આપવા જેવું છે જ શું ? ખાઓ છો તો આપ ઝેર વધારેમાં વધારે ભાંગ કે ધતૂરો ! વસન તો ચર્મનું અને વાહન તો મહોક્ષ (સાંઢ) ! સારાંશ એ કે આપની પાસે કોઈ ભૌતિક વસ્તુ નથી. તેથી આપ પાસે હું કેવળ એક જ વસ્તુ માગું છું, જેનો આપની પાસે અખૂટ ભંડાર છે; તે છે 'આપનાં ચરણકમળની અનન્ય ભક્તિ !' આશા છે કે, મારી આ નાનકડી ઈચ્છા આપ અવશ્ય પૂરી કરશો. મને આપની કૃપાથી વંચિત નહિ રાખો.'

**–શ્રી શંકરાચાર્યે**

# ॥ સાચા શિવપૂજનની સમજ ॥

[આજે, વડોદરાથી આપણાં સ્વર્ગારોહણના સ્વજનોએ પોતે 'શિવપૂજા' સોમવારે કરી છે તેની ઝલક 'મા'ને મોકલી છે.

પવિત્ર શ્રાવણ માસ છે. તેઓ સૌ શિવજીનું પૂજન સમૂહમાં કરી રહ્યાં છે. ૧૦, ૧૨ સ્વજનો શિવલિંગ ઉપર બીલીપત્ર, તલ, દૂધ, ઘીનો અભિષેક કરી રહ્યાં છે. બધા જ ભૂદેવ છે. કેટલાકે પોતાના ચાલુ વસ્ત્રો પૅન્ટશર્ટ પહેર્યાં છે, કોરોનાના આ વાતાવરણમાં સૌ અંતર રાખીને બેસવાનું પણ ભૂલી ગયાં છે. સમૂહમાં સ્તુતિ, ૧૦૮ નામના પાઠ ચાલુ છે. સૌ બીલીપત્રો ચઢાવી રહ્યાં છે. જાણે કોઈ જગપ્રસિદ્ધ શિવમંદિરમાં પવિત્ર શ્રાવણના સોમવારે 'મહાપૂજા' થઈ રહી છે. એ ઝલક જોઈને 'મા' એક પત્ર મોકલે છે.]

### ॥ પૂજ્ય શ્રી 'મા'નો પત્ર ॥

સંસ્કાર નગરીમાં વસતા સ્વર્ગારોહણના સ્વજન ભક્તો,

પવિત્ર શ્રાવણ માસમાં તમારી શિવપૂજાની ઝલક જોઈ. સરસ ! આ રીતે પ્રેમ ને સંપ, શ્રદ્ધા ને ભક્તિથી ભેગા મળી પૂજનનું સત્કર્મ કરી રહ્યાં છો આનંદ.

થોડાંક સૂચનો છે. યોગ્ય લાગે તો જરૂર વિચારજો :

★ પૂજનમાં સ્વર્ગારોહણથી ઘણીવાર મળેલી પીતાંબરી ભાઈઓ પણ પહેરી શકે ને ? પૂજાના પવિત્ર વસ્ત્રોમાં જ પૂજારીઓ અને પૂજારણો શોભેને ! પૂજારણો તો સરસ વસ્ત્રોમાં હતી. અભિનંદન !



★ પૂજાનો પ્રકાર બદલવો જોઈએ એવું લાગે છે ? વિચારજો. તમે પૂજામાં વીસ સ્વજનો બેસો છો. બધાં જ ૧૦૮ બીલીપત્ર, બધાં જ દૂધ ચઢાવો છો. તો ભગવાન શંકર પ્રત્યક્ષ છે; એવું માનો તો એમના મસ્તકે આ બીલીપત્રનો વરસાદ અને દૂધની ધારા કેવી રીતે સહન થતી હશે ?

આપણામાંથી કોઈ એકને બેસાડો અને તેના ઉપર આવી પૂજા, આવો અભિષેક એકધારો કરો તો શું દશા થાય ?

★ હજારો બીલીપત્રો બીલીના વૃક્ષ ઉપરથી ચૂંટાતાં હશે, વેચાતાં હશે, વેપાર થતા હશે.

બીલ્વવૃક્ષ ઉપરથી જ્યારે બીલીપત્રો ચૂંટાતાં હશે તો (વનસ્પતિ જગતમાં પણ જીવ છે.) એને વેદના નહિ થતી હોય ?

★ સ્વર્ગારોહણમાં તો વાંચીએ છીએ;

'મને જીવવા દો.'

'મને ખીલવું ગમે છે.'

'મને તોડશો નહિ.'

★ પૂ.શ્રી લખે છે;

'જ્યાં ઊગ્યાં ત્યાં ચઢી ચૂક્યાં છે,
ફરી ચઢાવું શું ?'

★ પૂજામાં જેટલું દૂધ ચઢે છે તેટલું દૂધ અભાવગ્રસ્ત બાળદેવતાઓના મુખમાં પણ રેડી શકાય ને ? 'જીવતા દેવને સેવો.' તેની આવી પૂજા કરો.

★ પૂજા સમૂહમાં કરવી છે. ઘણી સારી વાત છે.

### શિવલિંગની આસપાસ બેસો

→ ૧ માળા ૐ નમઃ શિવાય.

→ ૧ પાઠ સુહાયે મસ્તકે...

પાછું

→ ૧ માળા ૐ નમઃ શિવાય.

→ ૧ પાઠ સુહાયે મસ્તકે...

પછી

→ શિવ મહિમ્નનો પાઠ

→ ૧ માળા ૐ નમઃ શિવાય.

→ અમરનાથની સ્તુતિ.

→ ૧ માળા ૐ નમઃ શિવાય.

→ બધાં જ ૧૧, ૧૧ પ્રણામ કરી શકે.

### પૂજા ચાર પ્રહર કરવી હોય તો

★ સમૂહમાં ૧૦૮ માળા

'ૐ નમઃ શિવાય.'

★ સમૂહમાં ૧૦૮ સ્તુતિના પાઠ

સુહાયે મસ્તકે...

★ ૧૦૮ પ્રણામ.

★ સમૂહમાં ૧૧ શિવમહિમ્નના પાઠ.

★ સમૂહમાં ૦૧ કલાક સંકીર્તન.

★ સમૂહમાં ૦૧ કલાક ધ્યાન.



### પૂજા પદાર્થોથી જ થાય એવું નથી.

★ જ્ઞાનપાઠ દ્વારા પણ પૂજન થઈ શકે.

★ ચિંતન દ્વારા પણ પૂજન થઈ શકે.

★ ધ્યાન દ્વારા પણ પૂજન થઈ શકે.

શિવમાનસપૂજા (રત્નૈકલ્પીત) પણ છે જ.

હે સ્વર્ગારોહણના સ્વજનો ! જરૂર વિચારજો. યોગ્ય લાગે તો પૂજનનો પ્રકાર, નવી પરંપરા આપણા હાથમાં છે.

**પ્રભુ તમારા સૌ ઉપર પ્રસન્ન હજો**

**ૐ**

## ॥ જિજ્ઞાસુઓના પ્રત્યુત્તરો ॥

(વોટ્સએપ ઉપર પાંચ સ્વજનોને (આ) પત્ર મોકલ્યો, અને તે સૌએ તરત જ પ્રત્યુત્તર મોકલ્યા.)

(૧) હે 'મા', આપ અમને કેટલી બધી સરસ રીતે જગાડો છો ? અમે આપનાં સૂચન ધ્યાનથી બે વાર વાંચ્યાં.

મા, આપ દરેક ક્રિયા અને વસ્તુઓમાં કેટલી બધી નાજુકાઈ અને સંવેદનશીલતા અનુભવો છો. સાચે જ 'મા', આપની પાસેથી કેટલું બધું સરસ શીખવા મળે છે ! 'મા', આપનાં સૂચનો ખૂબ જ સરસ છે. અમે તેનો અમલ કરીશું.

પ્રણામ 'મા' ! પ્રણામ 'મા' ! પ્રણામ 'મા' !

**—આશિષ જોશી (એમ.બી.એ.)**

(૨) પૂજ્ય 'મા'નાં ચરણોમાં ક્ષમાભાવે પ્રણામ.

પૂજ્ય 'મા' આપનાં સૂચનો ખૂબ જ યોગ્ય છે. અમે સ્વર્ગારોહણની પરંપરા ભૂલીને દેખાદેખીમાં ફળ, ફૂલ, દૂધનો

બગાડ કરી રહ્યાં હતાં. આપનાં સૂચનો સર્વથા યોગ્ય અને દિશાસૂચક છે. હવેથી તેનું પૂર્ણ ધ્યાન રાખીશું. મંત્રપુષ્પે જ પૂજન કરીશું. ધૂન અને સ્તુતિથી આરાધીશું. ભૌતિક પદાર્થોને ચઢાવવાને બદલે હૃદયના ભાવોથી ભજીશું. હે પૂજ્ય 'મા' ! આપ અમારી દરેક પૂજાને સંપૂર્ણ બનાવી તેમાં થતી નાનામાં નાની ક્ષતિને દૂર કરીને અમને પૂર્ણ સમર્પિત થવા માર્ગદર્શન આપી રહ્યાં છો.

આપનાં આ સૂચનો અમે શિરોધાર્ય કરીએ છીએ અને ભવિષ્યમાં આવી કોઈ પણ બેદરકારી કે દુર્વ્યવહાર કે અનુચિત ક્રિયા ના થાય તેની તકેદારી રાખીશું.

હે 'મા', સૂચનો કરીને આપ અમને અજાણતાં થતા દોષો પ્રત્યે જાગૃત કરી રહ્યાં છો. હે 'મા', આપ અમારું દરેક નાની, નાની બાબતમાં પણ કેટલું ધ્યાન રાખો છો ! પ્રણામ 'મા' ! વળી આપ અમને સરસ ક્રમબદ્ધ પૂજાની રીત પણ આપી દો છો. બસ હવે તો અમારે તે મુજબ તેને વળગીને આપના દરેક વાક્યને સાર્થક કરવાનાં છે.

હે 'મા' ! આપને આ સૂચનો માટે કોટિ કોટિ પ્રણામ !

**–તારક વ્યાસ (બી.ઈ.સિવિલ)**

(૩) 'થેન્ક્યુ 'મા', તમે અમારી આંખો ઉઘાડી અને અમને પૂજા કરવાની સાચી રીત બતાવી.'

પૂજ્ય શ્રી 'મા'ની સૂચના એટલે અમારે માટે બ્રહ્મવાક્ય. તેનો અમલ જ કરવાનો હોય. હવેથી દરેક પૂજામાં આપનાં સૂચનોને ધ્યાન રાખીને તે મુજબ જ પૂજા કરીશું.

અમારા અપરાધોને ક્ષમા કરજો પૂજ્ય 'મા'.



અમારાં જીવનમાં થતી આવી અસંખ્ય ભૂલો માટે માર્ગદર્શન આપીને અમને સુધારતા રહેજો.

પૂજ્ય શ્રી 'મા'-પ્રભુના ચરણોમાં અમારા તથા સર્વ સાધકોનાં કોટિ કોટિ પ્રણામ.

અમારા અપરાધોને ક્ષમા કરજો અને અમને સાચા રસ્તે દોરતાં રહેજો પૂજ્ય 'મા' !

પ્રણામ 'મા' ! પ્રણામ 'મા' ! પ્રણામ 'મા' !

**–શ્રી દિલીપ ઉપાધ્યાય (એમ.ઈ.સિવિલ)**

(૪) 'મા' દરેક શિવપૂજનમાં પ્રભુ શિવસ્વરૂપ અને 'મા' પાર્વતીસ્વરૂપ છે. એમ સમજીને જ પૂજન કરીએ છીએ. આપ જ અમારા દેવ છો. આપની પાસેથી આપનું જ હસ્તલિખિત પૂજન પ્રાપ્ત થયું. અમારા શિવ પ્રસન્ન થઈ ગયા ! અત્યાર સુધી શિવપુરાણ પ્રમાણે કરતાં હતાં. અમારા વહાલા ભગવાન 'મા' પ્રભુ આપના જ દ્વારા રચાયેલ પૂજન કરીશું. અજ્ઞાનવશ ભૂલ થઈ. 'મા' પ્રભુ ક્ષમા કરજો.

**–સ્નેહલ પુરોહિત (બી.કોમ.)**

(૫) હે, પૂજ્ય શ્રી'મા' આપનાં ચરણોમાં કોટિ કોટિ પ્રણામ ! પ્રણામ ! પ્રણામ ! આભાર પૂજ્ય શ્રી'મા' આપે અમારી જડવત્ બનેલી ક્રિયાનો પ્રકાર બદલી તેનું નવસર્જન કર્યું છે. પૂજ્ય શ્રી'મા', આપની આજ્ઞાનું પાલન એ જ અમારી સાધના છે.

શ્રી 'મા' આપ સતત અમારાં સૌની ઊર્ધ્વગતિ માટે સતત પ્રયત્નશીલ છો. એક 'મા' પોતાના બાળકને કેટલો પ્રેમ કરે છે ! આપે આપની આ દિવ્ય પ્રસાદીનો રસથાળ ધર્યો છે. તેના પરથી

ફલિત થાય છે. આપ તો કરુણાના સાગર છો; અમારા અપરાધોને ક્ષમા કરજો. આપ જ અમને આ રીતે કલ્યાણપંથે આગળ ને આગળ દોરતાં રહેજો. અમે સૌ આપની આજ્ઞાનું પાલન કરીશું. પૂજ્ય શ્રી'મા' આપનો આભાર કેવી રીતે વ્યક્ત કરવો ? અમારી પાસે એવા શબ્દો નથી. પૂજ્ય શ્રી'મા' આપનું સૂક્ષ્મ નિરીક્ષણ કેટકેટલાંનો ઉદ્ધાર કરશે ! પૂ.શ્રી'મા' આપ જ અમારા માટે ભગવાન છો. આપશ્રીને જે સ્વીકાર્ય હોય તે જ આપનાં ચરણોમાં જ અર્ઘ્ય આપીશું આ બધી પૂજા આપને પ્રસન્ન કરવા માટે જ છે. આપ જેમાં પ્રસન્ન અમે તેમાં પ્રસન્ન ! આપની આજ્ઞા શિરોમાન્ય છે. પૂજ્ય શ્રી'મા', આપે અમને આ શ્રાવણ માસમાં શિવ બનીને આ જીવને અજ્ઞાનના અંધકારમાંથી પ્રકાશ તરફ દોર્યા છે. અમે સૌ નવી પરંપરા પ્રમાણે શિવપૂજા માટે સજ્જ છીએ. પૂજ્ય શ્રી'મા'નાં ચરણોમાં કોટિ કોટિ પ્રણામ...પ્રણામ...પ્રણામ...પ્રણામ...પ્રણામ...પ્રણામ...પ્રણામ.

**–અશ્વિન કાકા (રેફ્રિજરેશન મિકેનિક)**

## ।। પૂ.શ્રી'મા'નો પ્રતિભાવ એવમ્ પરિતોષ ।।

ભૂદેવો અને પાછા શિવભક્તો ! જન્મથી જ શિવપૂજા ને શિવસ્તુતિના સંસ્કારો હોય તે સ્વાભાવિક છે.

એમની વીડીયો ક્લીપની ઝલક જોઈને આ 'મા'ના પરમસખાએ કલમ હાથમાં લીધી.

વ્યક્તિની કલમની કેટલી તાકાત ? કેટલું વજન ? પણ અહીં પરમસખા લખી રહ્યા છે. છેકછાક વગર જ પાનાં લખાવી દીધાં. તરત જ મોકલી પણ દીધાં.



અને પરમસખાએ લખેલા એ પત્રના પ્રત્યુત્તરો પણ તરત જ આવી ગયા ના કોઈ ચર્ચા, ના કોઈ આક્રોશ, ના કોઈ કટાક્ષવચન, ના કોઈ પરિવારની પરંપરાની વાત. જાણે એ સૌ શિવભક્તો સમજણની દુનિયામાં ઘણાં ઊંચા હતા.

જાણે ભક્તિયોગ, આજ્ઞાપાલન, સમજપૂર્વક સન્માન સાથે સ્વીકાર, પોતાની ભૂલનો એકરાર આ બધા જ મુદ્દા આજે આ પ્રત્યુત્તરોમાં જોવા મળ્યા.

પરમસખાનો આ પત્રલેખનનો પરિશ્રમ જાણે સ્વીકારનો પ્રસાદ બની ગયો.

સૌએ જાણે પત્રની બધી જ વાતો સન્માન સાથે વધાવી લીધી.

'મા'ને વ્યક્તિગત રીતે એવું લાગ્યું કે આપણે કંઈ મહર્ષિ દયાનંદ સરસ્વતીની કક્ષાના નથી. તેમને માટે સમાજસેવા સતત એક પડકાર હતો જ્યારે અહીં સૂચનની સામે સ્વીકાર થયો તેની હાશ પણ પામ્યા.

આજે પરમ સખાએ જાણે સરસ કાર્ય કરાવ્યું. સાચા શિવપૂજનની સમજ પરમાત્મા સિવાય કોણ આપી શકે ?

**–'મા' સર્વેશ્વરી**

**(સ્વર્ગારોહણ)**

**તા.૨૮/૦૭/૨૦૨૦**

'હું તો અલ્પમાં અલ્પ રહીને તમારાં ચરણોમાં પડી રહેવા ઈચ્છું છું. કૃપા કરીને મને ત્યાં જ રાખો.'

**–શિવાનન્દલહરી**

# ॥ 'સ્વર્ગારોહણ'માં શિવસ્તુતિ-અભિષેક ॥

પરમ પ્રેમમયી 'મા'એ 'શિવરાત્રિ'ના પુનિત દિને સ્વયં 'નિઃશબ્દતા' ધારણ કરી. પરમ ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજી રચિત અદ્‌ભુત 'શિવસ્તુતિ'ની અણમોલ 'શબ્દશ્રીને' સ્વર્ગારોહણમાં ઉપસ્થિત ભક્તોના ભાવભર્યા 'સ્વરગાન' દ્વારા સતત વહેતી રાખી, ભક્તોના તન-મન-અંતરમાં 'શિવતત્ત્વ ઝંકૃત કરી;' એમને ધન્ય કરી મૂક્યા.

'સ્વર્ગારોહણ'ના આઠે પ્રહર શ્રી યોગેશ્વરજીરચિત શિવસ્તુતિથી ગુંજી રહ્યા. ભાવભક્તિનું એક એવું શુચિતાભર્યું વાયુમંડળ રચાયું કે, સર્વત્ર બે જ જણની ઉપસ્થિતિ અનુભવાઈ. ભગવાન અને ભક્તની ! શિવની અને શિવસ્તુતિ ગાતા જીવોની !

શિવસ્તુતિના અનવરત આવર્તનોથી સ્વર્ગારોહણનો કણ-કણ આંદોલિત થઈ ગયો. આખું સ્વર્ગારોહણ જાણે એક શિવલિંગ હોય અને એના પર સતત શિવસ્તુતિનો જલાભિષેક કરી ધન્ય બનનાર શિવભક્તો હોય એવી અનુભૂતિ થઈ.

'શિવરાત્રિ'નો પવિત્ર, શુભ દિનનો પ્રત્યેક પ્રહર શિવસ્તુતિથી ભીંજાતો રહ્યો, તરબતર રહી, રાત્રે પણ ભક્તોના મન-અંતરને પખાળતો રહ્યો. શિવજીનું એકચક્રી શાસન પ્રેમથી અવનત મસ્તકે ધારણ કરી સર્વ ધન્ય બન્યા.

શિવમંદિરોમાં શિવરાત્રિએ ભક્તોનાં ટોળેટોળાં ઉમટે. પુષ્પો-બીલીપત્રો-પંચામૃત-દૂધ-જળનાં પૂજાદ્રવ્યોનો અતિરેક થાય, ધક્કામુક્કી થાય, શોરબકોર થાય. મંદિરોમાં ય 'હર હર શિવ'ના પ્રબળ પોકારો હોય, ઘંટારવ હોય. પ્રસાદ વહેંચાતો હોય. અલબત્ત, એનો પણ એક મહિમા છે.

પણ શાંત-મૌન રહી, શિવસ્તુતિના પુનઃ પુનઃ આવર્તિત ગાન દ્વારા શિવ સાથે બંધ-અનુબંધ-અનુસંધાન સતત રાખી, એ



પરમ ચેતના સાથે પોતાની ચેતનાને યુક્ત રાખી; શિવસ્મરણથી છલકાતા રહેવું. આર્દ્ર થવું, ભાવવિભોર રહેવું. એ પણ શિવભક્તિનો એક પ્રકાર છે !

ભાવની સઘનતા-તીવ્રતા સાથે શિવજી સાથેનો યોગ-સંયોગ આપણને કેવો જાગ્રત કરી શકે છે, એની અદ્‌ભુત પ્રતીતિ પૂજ્ય શ્રી'મા'એ આ રીતે કરાવી.

આપણા મોટા ભાગનાં ધાર્મિક પર્વો બાહ્ય ભપકામાં અટવાઈ જઈ, એના મૂળભૂત આંતરિક હેતુની જાણે-અજાણે અવજ્ઞા કરી બેસે છે.

શિવરાત્રિ જેવા મંગલ પર્વને દિવસે મહિમા કેવળ શિવનો, શિવતત્ત્વના સ્મરણનો-માનસિક પૂજન-અર્ચનનો હોય, શબ્દો હોય તો કેવળ સ્તુતિના, પ્રભુ મહિમાગાનના હોય.

શિવજીની સંપૂર્ણ ગરિમા-ભવ્યતા અકબંધ રાખતી શિવસ્તુતિના આધારે ભક્તોની ચેતના શિવમય બની રહે, એ ભાવસ્થિતિ જ સર્વોપરી બની રહે. એવી આયોજના પૂ.શ્રી'મા'એ સહજભાવે સિદ્ધ કરી. 'યોગતીર્થ'નું નામ સાર્થક બન્યું.

પ્રભુ પ્રત્યેની પ્રીતની અભિવ્યક્તિનો આ પણ એક પ્રકાર છે !

શાંત, મૂક, સંવેદનાછલોછલ પ્રીતનો સતતવાહી અભિષેક મહાદેવને પ્રસન્ન કર્યા વિના ન રહે, ન રહી શકે. કેમકે, એનું નામ જ 'આશુતોષ' છે.

શાસ્ત્રો કહે છે : 'તપોગમ્ય' છે શિવ, 'મા' આપણી આત્મશ્રદ્ધા વધારતાં કહે છે : 'સ્નેહોગમ્ય શિવ' ! બસ, શિવભક્તો સ્નેહભરી સ્તુતિ લઈને ઊભા થઈ જાય શિવ સન્મુખ !—એ જ પર્યાપ્ત છે. તો એનો સતત અભિષેક શિવજીને કેટલો તોષ-પરિતોષ અર્પે !!

—તરલા દેસાઈ

# ॥ શ્રીરામ ॥

ભારતના આધ્યાત્મિક આકાશના પૌરાણિક કાળનાં સૌથી વધારે વિશદ, પ્રેરક તથા પરમપ્રકાશક નયનાભિરામ નક્ષત્રો બે-રામ અને કૃષ્ણ. એ બંનેને ચંદ્રની ને સૂર્યની ઉપમા આપી શકાય. લોકહૃદયમાં અતીત કાળથી માંડીને અર્વાચીન કાળ સુધી બંનેનાં મહત્ત્વનાં. અત્યંત મહત્ત્વનાં, સ્થાન ચાલ્યાં આવે છે બંનેએ પ્રજાજીવનને પાર વિનાની અનોખી પ્રેરણા પાઈ છે, પરિબળ પૂરું પાડ્યું છે. અને રાષ્ટ્રજીવનના ઘડતરમાં શકવર્તી ભાગ ભજવ્યો છે. ભક્તોએ, સંતોએ તથા સ્વનામધન્ય કવિઓએ એમનાં ગુણગાન ગાયાં છે અને એમની આગવી રીતે એમને અક્ષરદેહની અનુરાગાત્મક અંજલિ આપી છે તે યોગ્ય જ છે.

રામ અને કૃષ્ણ એક જ બીજના બે અંકુર જેવા, એક જ સિક્કાના બે પાસાં જેવા, એક જ શરીરનાં બે હૃદય જેવા છે. અંતરને આનંદ પ્રદાન કરે, આરામ આપે, તે રામ અને કાળજાના ક્લેશ કાપે, કાયામંદિરમાં વિરાજીને કામણ કરે, કલ્યાણનો વરસાદ વરસાવે, તે કૃષ્ણતત્ત્વ એક જ પરંતુ નામ તેમજ રૂપ બે ! માનવજીવનના અભ્યુત્થાનને માટે, જીવનને જ્યોતિર્મય બનાવવા કાજે, બંને આશીર્વાદરૂપ અને ઉપયોગી.

સંસારમાં સૌથી પ્રથમ રામકથાની-રામાયણની રચના કરીને મહર્ષિ વાલ્મીકિએ પોતાની બૌદ્ધિક પ્રતિભાને, વાણીને, શક્તિને ને કલમને કૃતાર્થ કરી. જિંદગી અને વાણી ધન્ય ત્યારે જ બને છે જ્યારે ઈશ્વરના અથવા એના સાકાર સ્વરૂપ સરખા સત્પુરુષોના



ગુણસંકીર્તન માટે વપરાય છે. મહર્ષિ વાલ્મીકિએ રામાયણની રચના દ્વારા જગતના જીવો પર મહાન ઉપકાર કર્યો. સંસારનું પરમ કલ્યાણ કર્યું. 'રામાયણ' શબ્દ જ કેટલો બધો સરસ, સારગર્ભિત અને સુંદર છે ! એનો અર્થ 'રામનું અયન' અથવા 'આગમન' થાય છે. રામ પરબ્રહ્મ પરમાત્માના પ્રતિનિધિ બનીને, માનવતાથી મંડિત થઈને, આ અવનીમાં આવિર્ભાવ પામ્યા, આવ્યા, અને એ પછી જે જે કરી ગયા એની કથાનું એમાં આલેખન કરવામાં આવ્યું છે. એ ઉપરાંત એ માનવના આર્ત અશાંત અંતરને શાંત કરવાનો મંગલ મહામંત્ર પૂરો પાડે છે. રામનું શુભાગમન અથવા અવતરણ અયોધ્યામાં થાય છે, કૌશલ્યાદિ માતાઓના ભવનમાં થાય છે, ભક્તોના અને મહાપુરુષોના હૃદયમાં અથવા જીવનમાં થાય છે, એવી રીતે પ્રત્યેક માનવના જીવનમાં થઈ જવું જોઈએ. રામાયણનો એ મૂળભૂત મહત્ત્વનો સંદેશ છે જીવનમાં રામ નથી પરંતુ કામ છે માટે જ દુઃખ છે, ઉપાધિ છે; અશાંતિ છે, ક્લેશ છે, પરિતાપ તથા બંધન છે અને જીવ દુર્ગતિમાં પડેલો છે. જીવનને સુખમય કરવા અને શાંત બનાવવા એમાં શ્રીરામની, પરમકૃપાળુ પરમાત્માની, નીતિમત્તાની, માનવતાની, પવિત્રતાની ને પ્રેમની પ્રતિષ્ઠા કરવી જોઈએ, રામાયણ એ વાતને વરસોથી સંભળાવે છે પરંતુ એને સાંભળનારા કેટલા છે ?

રામાયણના મુખ્ય અધિષ્ઠાતા, આરાધ્યદેવ રામ છે. રામાયણની આખીય કથા એમને લક્ષ્ય કરીને કે કેન્દ્રમાં રાખીને એમની આસપાસ રમ્યા કરે છે. રામનું સમસ્ત જીવન નિઃસ્વાર્થ સ્નેહ અને સેવાનું જીવન છે. એક સમર્પિત સાચું જીવન છે.

એમાં નાનીમોટી જે પણ ક્રિયા કરવામાં આવે છે તે બીજાને માટે. બીજાની સુખાકારી તથા શાંતિ માટે કેવળ કર્તવ્યભાવથી પ્રેરાઈને કરવામાં આવે છે એમ કરતાં કષ્ટ ભોગવવાનો વખત આવે તો પણ રામ એને સ્મિતપૂર્વક ભોગવવા તૈયાર રહે છે. એમને સત્યના આગ્રહ તથા કર્તવ્યપાલન સિવાય બીજા કશાનો મોહ નથી. શોક નથી, કશાની મમતા નથી. સીતાની, રાજપાટની, સંપત્તિની, માતાપિતાની, પરિવારની કે પોતાના શરીરની પણ નહિ, એ એમની વિશેષતા છે એ જગતમાં પધાર્યા છે આદર્શ રીતે જીવી જવા અને પવિત્ર પ્રેમથી પ્રેરાઈને બીજાને માટે કશુંક મહત્ત્વનું કરી છૂટવા. એમનું સમસ્ત જીવન નિર્વ્યાજ સ્નેહ, સેવા અને પવિત્રતાનું પ્રતીક છે (એવી વિશેષતા કે વિલક્ષણતા જ્યાં ત્યાં નથી મળતી અત્યંત વિરલ મળે છે.) માનવ મોટે ભાગે કર્તવ્ય કરે છે તે પણ ગણતરીપૂર્વક, બદલાની આશા રાખીને કરતો હોય છે કેરીને ખાવાની વાસનાથી પ્રેરાઈને જ એ આંબાને ઉછેરવાના કર્મમાં પ્રવૃત્ત થાય છે. 'હું શા માટે કરું ? મને એનું ફળ થોડું જ મળવાનું છે ?' એવી ફિલસૂફીમાં એ સરકી પડે છે. મને મારા ઉછેરેલા આંબાની કેરીનો સ્વાદ નહિ મળે તો બીજાને તો મળશે ને ? એવી વૃત્તિવાળા પરહિતરત રામ જેવા માનવો બહુ ઓછા મળે છે. હું અમદાવાદમાં હતો ત્યારે હમણાં જ એક લોકસેવક ભાઈ મને મળવા આવેલા. એમણે વાતવાતમાં જણાવ્યું કે ચારસો રૂપિયા ઘરનું ભાડું આવે છે, આઠસો રૂપિયા બીજી રીતે પેદા કરું છું, છોકરો બેન્કમાંથી છસ્સો રૂપિયા લાવે છે, ને બસો રૂપિયા મને સરકાર તરફથી મળે છે, એટલે બધી રીતે આનંદ છે. કોઈ



જાતની આર્થિક તકલીફ નથી પડતી.

મેં પૂછ્યું કે સરકાર તરફથી બસો રૂપિયા શેના મળે છે, તો તેમણે જણાવ્યું કે હકના.

હકના ?

હા, હકના જ.

શેના હકના ? મને તો એવું કશું નથી મળતું.

તે તમને ક્યાંથી મળે ? તમે કાંઈ જેલમાં ગયેલા ? હું તો આઝાદીની ચળવળમાં બે વાર જેલમાં ગયેલો એટલે સરકાર તરફથી એટલું પૅન્શન મળે છે. અમે જેલમાં ગયા ત્યારે કેટલાક હસતા'તા અને અમને મૂર્ખ માનતા'તા, પરંતુ હવે આટલા વરસ પછી એનું ફળ મળ્યું ! જેલ અમારે લેણાની થઈ પડી.

એમણે ખૂબ જ ગૌરવપૂર્વક રજૂઆત કરી.

મેં કહ્યું, તમે આવા સામાન્ય ફળ માટે જેલમાં ગયેલા ? તમે તો ઘણું સારું કમાવ છો.

કમાતો હોઉં તેથી શું થયું ?

તમારે એ રકમ ના લેવી જોઈએ. તમારા જેવા સારી રીતે જીવનારા કેટલાય લોકસેવકો એવી રકમ ના લે તો એમનું ગૌરવ વધે ને દેશનું કેટલુંય ધન બચે. સરકારની સહાયતાનો લાભ નબળી આર્થિક સ્થિતિવાળા લોકો લે તે સમજી શકાય તેવું છે, પરંતુ તમારા જેવા સમૃદ્ધ પણ લે તે ઠીક નથી લાગતું.

મને તો એમાં કશું જ ખોટું નથી લાગતું. એ તો જે સેવા કરે તે મેવા પામે. તે ભાઈ બોલ્યા.

આશ્ચર્યની વાત તો એ હતી કે એ લોકસેવક ભાઈ

રામાયણના અભ્યાસી હતા. રામાયણના અને રામજીવનના એ ખરેખરા અનુરાગી હોત તો એમના એવા વિચારો રહી શકત ખરા ? એ સંદર્ભમાં રામનું જીવન કેટલું બધું અનોખું અથવા અસાધારણ લાગે છે ? રામાયણ એનો પરિચય કરાવે છે.

**॥ રામાયણની રચના ॥**

રામાયણની રચના કેવા સંજોગોમાં કરવામાં આવી છે એ પણ જાણવા જેવું છે. એ હકીકત ખૂબ જ રસપ્રદ છે. મહર્ષિ વાલ્મીકિને આદિ કવિ કહેવામાં આવે છે. કવિતાનો પાવન પ્રસન્ન પુલકિત આદિ છતાં પણ અનાદિ પુણ્યપ્રવાહ એમના અંતરના અંતરતમમાંથી પ્રકટીને એમની વૈખરી વાણી દ્વારા કેવી રીતે વહ્યો એ પરંપરાગત સુપરિચિત કથાને સંક્ષેપમાં યાદ કરી જઈએ.

પ્રત્યેક કવિતાનું, સાહિત્યના ગદ્યાત્મક કે પદ્યાત્મક પ્રકારનું કોઈને કોઈ પ્રાદુર્ભાવસ્થાન હોય છે. જીવનનો એકાદ અદ્‌ભુત અનોખો પ્રસંગ, એકાદ મૌલિક ચિંતન, કોઈક સંવેદન કે સ્પંદન કશુંક પણ એના મૂળમાં નિમિત્ત બનીને રહેતું હોય છે. એને એમાંથી જીવન જડે છે કે પ્રેરણા મળે છે. મહર્ષિ વાલ્મીકિની કવિતાના સંબંધમાં પણ એવું જ બન્યું. કહે છે કે એકવાર એ એમના એકાંત આશ્રમની પાસેની તમસા નદીના પવિત્ર પ્રશાંત તટપ્રદેશ પરથી પસાર થઈ રહેલા. એમનું મન સ્વાભાવિક રીતે જ પરમાત્મચિંતનમાં મગ્ન હતું. એ વખતે અચાનક એક કરુણાતિકરુણ ઘટના બની, સરિતાના સુંદર તપઃપૂત તટપ્રદેશ પર નિર્ભય અને નિશ્ચિંત બનીને ક્રીડા કરી રહેલા એક સારસપક્ષીના જોડાને જોઈને એમાંના એકને કોઈક નિષાદે બાણ



માર્યું. બાણ વાગતાં જ કુદરતને ખોળે ખેલનારું સારસપક્ષી ચિત્કાર કરતું નિષ્પ્રાણ બનીને ધરતીપર ઢળી પડ્યું. જે નિર્દોષનો નાશ કરે છે તે નિષાદ છે. એવા નિષાદો જગતમાં આજે પણ જોવા મળે છે. એ કોઈપણ પ્રકારના કારણ કે અપરાધ વિના બીજાને હેરાન કરે છે, બેચેન બનાવે છે, ને દુઃખ દે છે. બીજાના સુખને ને બીજાની શાંતિને એ નથી જોઈ શકતા. પરંતુ અન્યના દુઃખે દુઃખી થનારા દૈવીજનો પણ જગતમાં નથી મળતા એવું થોડું છે ? મહર્ષિ વાલ્મીકિ એવા વિરલ દૈવીપુરુષ હતા. એ દૃશ્યને દેખીને એમનું અંતર આક્રંદ કરી ઊઠ્યું. એમના કાળજામાં કરુણા પેદા થઈ. એ કરુણાના પડછંદામાંથી કવિતાની પંક્તિઓ પ્રકટી :

**मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वती स्समाः ।**
**यत्क्रौंचमिथुनोंदेकमबधीः काममोहितम् ॥**

નિષાદ ! કામથી મોહિત થયેલા સારસપક્ષીના જોડામાંના એકનો તેં નાશ કર્યો હોવાથી સુદીર્ઘ સમય સુધી તને શાંતિની તથા સ્થિરતાની પ્રાપ્તિ નહિ થઈ શકે.

અન્યનું હિત કરનારનું હિત થાય છે અને અહિત કરનારનું અહિત એ કુદરતી ક્રમ છે. એ કુદરતી ક્રમ કે કાનૂનમાંથી કોણ અને કેવી રીતે છટકી શકે ?

પરપીડાથી પીડા પામે તે સંત. મહર્ષિ વાલ્મીકિ સંતશિરોમણિ હોવાથી પીડા પામ્યા એમની એ પીડાએ અથવા એમના અંતરમાં ઉત્પન્ન થયેલા સુ-સૂક્ષ્મ સાચા સંવેદને સંસારને સરસ સનાતન કવિતા આપી. એ કવિતા દ્વારા ભાવિમાં પ્રકટનારા રામાયણ મહાકાવ્યનું બીજારોપણ થયું. ક્રૌંચવધના

પ્રસંગમાં અને રામાયણના મુખ્ય કથાપ્રસંગમાં ઓછું સામ્ય નથી લાગતું, કુદરતને ખોળે ખેલનારી સારસપક્ષીની જોડલીની જેમજ રામ તથા સીતાની સ્નેહભરી સુંદર જોડલી હતી. એના જીવનમાં દુઃખ પેદા થયું. પંચવટીમાં પવિત્ર ગોદાવરીના પ્રશાંત તટપ્રદેશ પર વિહરનારી એ અલૌકિક જોડી સૃષ્ટિની શોભારૂપ હતી. એમાંથી એકની ઉપર, સીતા પર, રાવણે બાણ માર્યું. એકના બાણની વિઘાતક અસર બીજાની ઉપર પણ થાય જ. સારસપક્ષીના સંબંધમાં કહેવાય છે કે એક પક્ષી-નર કે માદા મરે છે ત્યારે બીજું પણ જીવંત નથી રહી શકતું. એક સારસપક્ષી બાણથી ઘવાઈને ધરાશાયી બન્યું એટલે એની પાછળ બીજાએ પણ પ્રાણત્યાગ કર્યો રાવણે સીતાનું હરણ કર્યું એટલે એની અસર રામની ઉપર પણ થયા વિના ના રહી શકે. એમનું અંતર પણ વિરહની વેદનાથી સ્વાભાવિક રીતે જ વ્યથિત બન્યું. કવિનું કરુણાપ્રધાન કાળજુ એ જોઈને કવિતા ના કરે એવું કેમ બને ?

રામ અને સીતાના જીવનમાં કાળરૂપી નિષાદનાં કઠોર બાણ વાગવાના નોંધપાત્ર પ્રસંગો ચાર હતા. પ્રથમ પ્રસંગ માતા કૈકેયીના વરદાનને લીધે એમને અયોધ્યાને છોડીને વનમાં જવું પડ્યું ને બીજો પ્રસંગ રાવણદ્વારા થયેલા સીતાના હરણનો. ત્રીજો પ્રસંગ અયોધ્યામાં પાછા ફર્યા પછી લોકાપવાદને લક્ષમાં લઈને કરવામાં આવેલા સીતાત્યાગનો. અને ચોથો પ્રસંગ રામની સંનિધિમાં અયોધ્યાની રાજ્યસભામાં સીતાએ કરેલા પૃથ્વીપ્રવેશનો.

એ ચારે પ્રસંગો અતિશય કરુણ અને કોઈપણ મહાકવિના મનમાં મંથન જગાવે તેવા હતા. કુદરતને ખોળે ખેલનારાં પેલાં



કામમોહિત ક્રૌંચપક્ષીનું તો મૃત્યુ થયું પરંતુ રામ અને સીતા એવી રીતે તત્કાળ અને અકાળ મૃત્યુ ના પામ્યાં. એમની અવસ્થા અધિક આર્ત થઈ. એને અવલોકીને કવિનો અંતરાત્મા વધારે આક્રંદ કરી ઊઠ્યો. રામાયણમાં એના પ્રતિઘોષ પડેલા છે. રામ અને સીતાને કાળે કે નિર્યાતિરૂપી નિષાદે જ્યારે જ્યારે બાણ માર્યું છે. ત્યારે ત્યારે એ પડછંદા વધારે ને વધારે પ્રબળપણે પડેલા જોઈ શકાય છે.

રામાયણની રચના કેવળ કવિએ નથી કરી પરંતુ ભક્તે, સંતે અથવા વધારે સારા શબ્દોમાં કહીએ તો ભક્તકવિએ કરી છે એમ ખાસ યાદ રાખવાનું છે. કવિતાનું સર્જન કવિઓ કરે છે ત્યારે એ કવિતા જુદી હોય છે, સંતો કે ભક્તો કરે છે ત્યારે પણ જુદી હોય છે, અને ભક્તકવિઓ કરે છે ત્યારે વિલક્ષણ હોય છે. એનો આત્મા અને એનું અંગ અલૌકિકતા ધારે છે. રામાયણની અલૌકિકતાનું મુખ્ય કારણ એ જ છે. મહર્ષિ વાલ્મીકિ કવિતા કરવા નથી બેઠા. એમને કવિતા કરવી પડી છે. કવિતા લખવા બાધ્ય બનવું પડ્યું છે કવિતા કર્યા સિવાય એ રહી શક્યા નથી. એ કવિતા એમના પરમારાધ્ય રામની છે. એમને લીધે તો એ રત્નાકરમાંથી વાલ્મીકિ બની શકેલા. જેમના પ્રત્યે એમને પ્રેમ હતો, અનુરાગ હતો, પરમ પૂજ્યભાવ હતો. એમને જ કવિતામાં આલેખવાનું કાર્ય કરવાનું હતું. એને લીધે જ રામાયણની કવિતા સ્વાભાવિક તથા રસમય બની શકી. શક્તિ એક વસ્તુ છે અને ભક્તિ બીજી જ વસ્તુ છે. શક્તિ હોય છે એની અંદર કેટલીકવાર ભક્તિ નથી હોતી અને જેનામાં ભક્તિ હોય છે એનામાં કેટલીકવાર શક્તિ નથી હોતી. બંનેનો

સુભગ સમન્વય કોઈક વિરલ વ્યક્તિવિશેષમાં જ જોવા મળે છે. મહર્ષિ વાલ્મીકિ એવા વિરલ વ્યકિતવિશેષ હતા.

જે વાત મહર્ષિ વાલ્મીકિને લાગુ પડે છે તે સંત તુલસીદાસને પણ લાગુ પડે છે. એમના રામાયણની રચના પાછળ પ્રેરક બળ તરીકે રામનો પરમપવિત્ર પ્રખર પ્રેમપારાવાર જ કામ કરી રહ્યો છે. એટલે તો એમણે રચેલા રામચરિતમાનસમાં ડગલે ને પગલે શ્રીરામ પ્રત્યેના પ્રેમનું દર્શન થાય છે, સંત તુલસીદાસને વાલ્મીકિ રામાયણ પર પહેલેથી જ પ્રીતિ હોવાથી એ વાલ્મીકિ રામાયણની કથા ઠેરઠેર કરતા; એમ કરવાથી એમના રામ પ્રત્યેના પ્રેમને પુષ્ટિ મળી. એ રામભક્ત બન્યા અને રામકૃપાના ચાતક થયા. રામાયણની રચનાનો વિશિષ્ટ પ્રસંગ એમના જીવનમાં કેવી રીતે બન્યો તે જાણવા જેવું છે. સુપ્રસિદ્ધ તીર્થસ્થાન ચિત્રકૂટમાં શ્રીરામના અનુગ્રહનો આનંદાનુભવ કરીને સંવત ૧૬૨૮માં એમણે હનુમાનજીના આદેશાનુસાર અયોધ્યા તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં માઘમેળાના દિવસો દરમિયાન પ્રયાગરાજમાં મુકામ કર્યો. ત્યાં એક ધન્ય દિવસે એમને મહાત્મા ભરદ્વાજ અને યાજ્ઞવલ્કય મુનિના દર્શનનો લાભ મળ્યો. ત્યાંથી કાશી પહોંચીને એમણે પ્રહ્લાદઘાટ પર એક બ્રાહ્મણને ત્યાં નિવાસ કર્યો. ત્યાં એમની અંદર કવિત્વશક્તિનું સ્ફુરણ થવાથી એમણે સંસ્કૃત ભાષામાં કવિતા કરવા માંડી. પરંતુ એમના આશ્ચર્ય વચ્ચે દિવસ દરમિયાન રચેલાં પદો રાતે લુપ્ત થવા લાગ્યાં એ ઘટનાથી વિસ્મય પામેલા તુલસીદાસજીને આઠમે દિવસે રાતે સ્વપ્નમાં ભગવાન શંકરે એમની પોતાની ભાષામાં કવિતા કરવાનો આદેશ આપ્યો. એમણે અયોધ્યામાં જઈને



કાવ્યરચના કરવા કહ્યું. એ પછી અયોધ્યા પહોંચીને એમણે સંવત ૧૬૭૧માં રામનવમીના મંગલમય પર્વના દિવસે રામાયણની રચનાનો આરંભ કર્યો. બે વરસ, સાત મહિના અને છવ્વીસ દિવસે એ મહાગ્રંથની પરિસમાપ્તિ થઈ. એ વખતે એમની ઉંમર લગભગ ૭૯ વરસની હતી.

મહર્ષિ વાલ્મીકિએ જ જાણે કે સંત તુલસીદાસનું શરીર ધારીને રામકથાને લોકપ્રિય બનાવવા માટે અવનવો અવતાર આપ્યો રામાયણમાં એમણે રામપ્રેમની મંદાકિની વહાવી. એણે અનેકના આત્માને આલોકિત અને કેટલાયના પ્રાણને પાવન કર્યો એમનો ઉદ્દેશ લોકપ્રિય થવાનો કે યશસ્વી બનવાનો નહોતો. આદર્શ લેખક કે કવિ યશસ્વી થવા કે લોકપ્રિય બનવા માટે કશું નથી લખતો. એ તો આત્માના સંતોષ માટે જ લખે છે. રામાયણના આરંભમાં જ તુલસીદાસજીએ એની રચના પોતાના આત્મિક સુખ માટે છે અને શ્રુતિ, સ્મૃતિ તથા પુરાણોની પરંપરાને અનુસરીને કરવામાં આવી છે એવું સ્પષ્ટ શબ્દોમાં કહી બતાવ્યું છે.

**( नानापुराणनिगमागमसंमतं यद्**
**रामायणे निगदितं क्वचिदन्यतोऽपि ।**
**स्वान्तःसुखाय तुलसी रघुनाथगाथा**
**भाषानिबवमतिमंजुलमातनीति ।।**

એ શ્લોકમાં મહર્ષિ વાલ્મીકિના રામાયણ પ્રત્યે પણ અંગુલિ નિર્દેશ કરતાં જણાવ્યું છે કે પોતાની કથારચના એને અનુસરીને જ કરવામાં આવી છે.)

સાહિત્ય ભલેને આત્માનંદ, સ્વાત્મસંતોષ કે સ્વાત્મસુખને

માટે સરજાતું હોય તોપણ બીજાને પ્રકાશ પહોંચાડે છે. એનું સર્જન કરનાર અને એનો લાભ લેનાર બંને એની અસરથી અલિપ્ત રહી શકતા નથી. તુલસીદાસજી રામાયણની પરિસમાપ્તિ સમયે કહે છે આની રચના મેં મારા અંતરાત્માના અવિદ્યારૂપી અંધકારને દૂર કરવા માટે કરી છે.

**स्वान्तस्तमःशान्तये**
**भाषाबद्धमिद चकार तुलसीदासस्तथा मानसम् ॥**

કવિતા કેવળ આનંદ માટે હોય તેટલું પૂરતું નથી. એ જીવનનું જ્યોર્તિમય પ્રેરક પરિબળ બનવું જોઈએ. વ્યક્તિગત તથા સમષ્ટિગત જીવનને ઉપર ઉઠાવનારી, ઊર્ધ્વગામી બનાવનારી થવી જોઈએ. એમાં જ એની સંપૂર્ણતા, સફળતા ને સાર્થકતા છે. રામાયણની રચના એ દૃષ્ટિએ જોતાં સફળ અને સાર્થક છે. એણે તુલસીદાસ જેવા મહાન ભક્તકવિના અંતરાત્માને શાંત, અવિદ્યામુક્ત અને આલોકિત કરવાની સાથે એનો આધાર લેનારા અથવા આસ્વાદ મેળવનારા અનેકને શાંતિ આપી છે, મોહમુક્તિ બક્ષી છે, અને આદર્શ જીવનની પ્રેરણા ધરી છે. એણે અનેકના અવિદ્યારૂપી અતિગાઢ અંધકારનાં આવરણોનો અંત આણ્યો છે. અનેકોને રામાનુરાગી રામભક્ત કરીને રામકૃપારસના ચાતક બનાવ્યા છે. સેવાકર્મ ગમે તેટલું નિઃસ્વાર્થ હોય તોપણ બીજાને ઉપયોગી થઈને બીજાનું કલ્યાણ કરે જ છે એ કદી પણ નકામું નથી જતું.

**—શ્રી યોગેશ્વરજી**

**(શ્રી રામકથામૃત)**



## ॥ શ્રીકૃષ્ણ ॥

**'વસુદેવ સુતં દેવં, કંસચાણુર મર્દનં;**
**દેવકી પરમાનંદં, કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્'**

આ શ્લોકમાં ભગવાન કૃષ્ણને વંદના કરતાં 'જગદ્‌ગુરુ' કહેવામાં આવ્યા છે. એમાં જરાય અતિશયોક્તિ નથી, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણના લોકોપકારી વ્યક્તિત્વને આપવામાં આવેલી સાચી, અનુરાગભરી અંતઃકરણપૂર્વકની અંજલિ છે. એ શ્લોકમાં કહ્યા પ્રમાણે શ્રીકૃષ્ણ ખરા અર્થમાં જગદ્‌ગુરુ છે. એમનો પ્રભાવ કેવળ ભારતવર્ષ પૂરતો મર્યાદિત નથી રહ્યો, ભારતની બહાર આખી દુનિયામાં એમના સદ્‌ઉપદેશની સુવાસ પ્રસરી ચૂકી છે. સંસારના સઘળા સુસંસ્કૃત દેશોમાં એમની અમૃતવાણી જેવી ગીતાનું અધ્યયન થાય છે. લોકો એમાંથી પ્રેરણા ને પ્રકાશ મેળવે છે. ભારતના જ નહિ, પરંતુ ભારતની બહારના વિદ્વાનોને પંડિતોએ એની મુક્તકંઠે પ્રશંસા કરી છે. એમને એમાંથી જીવનવિકાસની સર્વોત્તમ સામગ્રી સાંપડી છે. એ દૃષ્ટિએ જોતાં શ્રીકૃષ્ણને અપાયેલી જગદ્‌ગુરુની અંજલિ સાચી ઠરે છે. કુરુક્ષેત્રના મેદાનમાં, અર્જુનને નિમિત્ત બનાવીને, એમણે વહાવેલી ભગવદ્‌ગીતાની ગંગા વરસોથી જનતાનું કલ્યાણ કરી રહી છે, અને કલ્યાણ કરતી રહેશે. એ ગીતા ભગવાન શ્રીકૃષ્ણના જીવનના સાર અથવા પ્રતિબિંબરૂપ છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતાના જ્ઞાનની, સિદ્ધાંતો કે આદર્શોની મૂર્તિરૂપ હતા. અને જે જાતનું જીવન એ જીવતા તેની જ પ્રતિછબી એમણે

એમાં પાડી બતાવી છે. ગીતામાં જે ધર્મનો ઉપદેશ અપાયો છે તે ધર્મ કોઈ મંદિર, મસ્જિદ કે ગિરજાઘરનો ધર્મ નથી. શાસ્ત્રોનું શુષ્ક અધ્યયન, કર્મકાંડ યા બહારનાં પૂજાપાઠ પણ નથી; ઘર, કુટુંબ, ફરજનો બહારનો ત્યાગ પણ નથી. નામ-વેશનો પલટો પણ નહિ. એ ધર્મ તો માનવમનને સર્વ પ્રકારની મલિનતામાંથી મુક્ત કરી સાત્ત્વિક કરવાની શિક્ષા આપે છે; ફરજના પાલનનો પાઠ પૂરો પાડે છે, સંસારમાં વસવા છતાં એથી અલિપ્ત રહી, આત્માને કમળદળની પેઠે રાખવાનો સંદેશ આપે છે; દ્વંદ્વોથી પર થઈને, નમ્રતાની મૂર્તિ બની, ઈશ્વરપરાયણ બનવાની પ્રેરણા પહોંચાડે છે અને પોતાની પાસે જે કાંઈ છે તેનો ઉપયોગ પોતાના જ સુખભોગને માટે કરવાને બદલે બીજાને સુખશાંતિ આપવામાં એનો વિનિયોગ કરવાનો મંત્ર શીખવાડે છે. એનું મુખ્ય લક્ષ્ય માનવના પોતાના અંદરના પરિવર્તન અને અંદરના વિકાસ તરફ છે. એ ધર્મ કાયમને માટે બધાંને કામનો હોવાથી શાશ્વત રહેશે, અને તેના સંદેશવાહક શ્રીકૃષ્ણ પણ જગદ્‌ગુરુ તરીકે અમર રહેશે.

**શ્રીકૃષ્ણની અસર**

લોકોત્તર મહાપુરુષો બે પ્રકારના હોય છે. એક પ્રકારના મહાપુરુષો પોતાના જીવનકાળ દરમિયાન પ્રજા પર પોતાની અસર પાડે છે; પરંતુ એમના મરણ પછી એ અસર ઘટતી જાય છે અથવા એકદમ અદશ્ય થાય છે. પ્રજા એમને ઈતિહાસના અધ્યયન પૂરતી અથવા જયંતીઓ કે ઉત્સવો પૂરતી યાદ કરે છે એટલું જ. જ્યારે બીજી જાતના મહાપુરુષો એમની જીવનલીલા



સંકેલાયા પછી પણ, પ્રજા પર પોતાનો પ્રભાવ પાડતા રહે છે, પ્રકાશ પાથરતા રહે છે ને પ્રજાના પથપ્રદર્શક બને છે. એ દેશ તથા કાળના બંધનથી પર હોય છે. એ કોઈ એક જ કાળના નથી હોતા પણ સર્વકાલીન હોય છે. ભગવાન શ્રીકૃષ્ણના સંબંધમાં એવું જ છે. પોતાના જીવનકાળ પછી પણ પ્રજા પર પડેલી એમની અસર અસાધારણ અને અદ્‌ભુત છે. એમને થયે વરસો વીતી ગયાં છે તોપણ, એમનો પ્રભાવ લેશ પણ ઓછો નથી થયો. પ્રજાના પ્રાણમાં એ એવા તો વણાઈ ગયા છે કે વાત નહિ. એમને અલગ નથી કરી શકાયા તેમ એમના જીવનકાળ પછી આટલાં બધાં વરસોમાં ભક્તો ને કવિઓએ એમના પર કેટલાં બધાં પદો લખ્યાં છે, એમને અંજલિ આપતાં કેટલાં સ્તવનો કર્યાં છે. કેટલાં મંદિરો રચ્યાં છે, અને લોકોના મનમાં એમની કેટલી બધી પ્રેમપ્રતિષ્ઠા થઈ છે, એના તાગ કોણ કાઢી શકે તેમ છે ? કેટલાક ભક્તો, સાધકો, યોગીઓ ને જ્ઞાનીઓએ એમનામાંથી પ્રેરણા મેળવી છે અને એમનો આશ્રય લઈને કેટકેટલા નાનામોટા અર્જુનો જીવનના જટિલ સંગ્રામમાં, સંકટોની વચ્ચે પણ, સ્મિત સાથે સફળતાપૂર્વક ઝઝૂમી શક્યા છે, એનો અથથી ઈતિ સુધીનો ઈતિહાસ તો જ્યારે આલેખાય ત્યારે ખરો; પરંતુ એટલું તો ચોક્કસ છે કે એમનો પ્રભાવ પ્રજાજીવનમાં ઘણો પ્રબળ છે. એ આજે પણ અમર છે અને અમર રહેવા સર્જાયેલો છે.

**સર્વશ્રેષ્ઠ પુરુષ તરીકે**

એક પ્રૉફેસર ભાઈએ તાજેતરમાં મારી મુલાકાત લઈને મને

પૂછ્યું : 'કૃષ્ણને અવતાર તરીકે ક્યારથી બેસાડવામાં આવ્યા તે કહી શકશો ? મનુષ્ય તરીકે એમની કાંઈ કિંમત ખરી કે નહિ ?'

મેં એમને ઉત્તર આપ્યો : 'શ્રીમદ્‌ભાગવતમાં અવતારોનું વિસ્તૃત વર્ણન આવે છે અને ગીતામાં પણ એનો ઉલ્લેખ કરાયેલો છે. એમની વિશેષ શક્તિ અને એમના જીવનમાં જોવા મળતી સર્વજ્ઞતાને લીધે એમને ઈશ્વરના અવતારરૂપે માનવામાં આવ્યા હોય તે સ્વાભાવિક છે. મહર્ષિ વ્યાસે પણ એના પરથી જ એમને અંજલિ આપતાં કહ્યું છે કે, 'કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્' કૃષ્ણ તો ભગવાન પોતે છે. પરંતુ એનો અર્થ એવો નથી કે મનુષ્ય તરીકે એમની કાંઈ કિંમત જ નથી, અથવા એ મનુષ્ય મટી ગયા હતા. શ્રીકૃષ્ણના જીવનકાળ દરમિયાન, એમને એક આદર્શ પુરુષ તરીકે પણ માનવામાં આવેલા. મહાભારતના યુદ્ધ પછી યુધિષ્ઠિરે કરેલા રાજસૂય યજ્ઞ દરમિયાન એ જમાનાના સર્વશ્રેષ્ઠ પુરુષની પૂજા કરવાનો વિચાર રજૂ થયો ત્યારે શ્રીકૃષ્ણ જ આપણા યુગના સર્વશ્રેષ્ઠ મહાપુરુષ છે એવો અભિપ્રાય મહર્ષિ વ્યાસે વ્યક્ત કરેલો એવી રીતે એમનું સન્માન કરવામાં આવેલું પરંતુ એવા અપ્રતિમ સન્માન વખતે એમની દશા તો જુઓ : એ આગંતુકોનું સ્વાગત કરતા હતા. એમનામાં અહંકારનો અંશ પણ નહોતો. એમનો પ્રજાપ્રેમ, ગોપ્રેમ, એમની વીરતા, મિત્રતા, રાજનીતિની કુશળતા, નિર્મળતા અને અનાસક્તિ આદર્શ હતી. મહર્ષિ પતંજલિએ 'યોગદર્શન'માં કહ્યું છે : 'કેટલાક માણસોને જન્મથી પણ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે' એટલે કે માણસો જન્મની સાથે જ અમુક વિશેષ શક્તિઓ લઈને આવતા હોય છે. સંત જ્ઞાનેશ્વર તથા શંકરાચાર્યની જેમ



એ હકીકત ભગવાન શ્રીકૃષ્ણના સંબંધમાં સાચી ઠરે છે. એમનામાં જન્મથી જ સર્વજ્ઞતા તથા અસાધારણ શક્તિમત્તાનો આવિર્ભાવ થયો હતો એટલે એ નાની ઉંમરમાં પણ અનેક અદ્‌ભુત કામો કરી શકયા. એમના એ જીવનકાર્યોનું આલેખન મહાભારત તથા ભાગવત જેવા પુરાણોમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે.'

**માખણ અને વાંસળીનું રહસ્ય**

ભગવાન શ્રીકૃષ્ણને ગોપીઓનું માખણ ઘણું પ્રિય હતું એ વાત ભાગવત વાંચનાર—સાંભળનાર જાણે છે. એ માખણ અને ગોપીનો આધ્યાત્મિક અર્થ સમજવા જેવો છે. ગોપીઓ મનની અસંખ્ય વૃત્તિઓ છે. એ વૃત્તિઓ જ્યારે નિર્મળ બને ત્યારે એમની અંદર પરમાત્માનો પવિત્ર પ્રેમ પ્રગટ થાય છે. એ પ્રેમ માખણ જેવો મુલાયમ ને મધુર હોય છે. એવો પ્રેમ પ્રગટે એટલે પરમાત્મા, સમસ્ત સંસારનું આકર્ષણ કરનારા કૃષ્ણ દૂર નથી રહી શકતા. એ જ્યાં હોય છે ત્યાંથી ભક્તનું પ્રેમરૂપી માખણ ખાવા માટે દોડી આવે છે. ભગવાન શ્રીકૃષ્ણની માખણલીલાનો એ સાર સારી પેઠે સમજી લઈને, ભક્તે એવો પ્રેમ પેદા કરવાની અને એ પહેલાં જીવનને પવિત્ર કરવાની જરૂર છે. એટલું થશે તો માખણલીલા એના જીવનમાં પ્રત્યેક પળે થયા કરશે ને જીવન ધન્ય બનશે.

વાંસળીનું પણ એવું જ છે. વાંસળી વાંસનો ટુકડો છે પણ તે પોલો છે, એટલે એમાંથી સુમધુર સ્વર નીકળે છે. માણસને ભારે કોણ કરે છે ? અભિમાન. નમ્રતાથી એ હલકો બને છે એવી

રીતે નિરાભિમાન બની આપણે હલકા થઈશું ત્યારે ભગવાન આપણને અપનાવી લઈને પોતાના કરશે, અને એમના સુધામય સ્પર્શથી આપણા જીવનમાં જાદુ ભરશે. એ જીવનમાં એવા સુમધુર શાંતિ સ્વર ઊઠશે. જે આપણને તો આનંદ આપશે જ, પરંતુ બીજાને પણ સુખ ધરશે. વાંસળીના વાદનનો એ મહિમા છે.

**રાધા ને કૃષ્ણ**

રાધા ને કૃષ્ણના નામે કેટલીય વાતો વહેતી થઈ છે ને કેટલીય કથાઓ કહેવાઈ ગઈ છે. એ બધાંની ચર્ચામાં ઊતરવાનું આવશ્યક નથી લાગતું. અહીં તો એક જુદી જ વાતનો નિર્દેશ કરવા માગું છું કે રાધાકૃષ્ણની એ કથાઓનો મધ્યવર્તી વિચાર જો આપણે યાદ રાખીએ તો આપણે માટે એ શ્રેયસ્કર થાય તેમ છે. રાધા જીવ છે ને કૃષ્ણ પરબ્રહ્મ પરમાત્મા શિવ છે. રાધાની પેઠે પ્રત્યેક જીવે શિવના ચિંતન-મનનમાં મશગુલ બનીને તથા પોતાનું જીવનધન શિવના ચરણે ધરી જીવન કૃતાર્થ કરવા તૈયાર થવાનું છે. જીવનની કૃતાર્થતા એમાં જ સમાયેલી છે. રાધા પ્રેમની પ્રતિમા અથવા પવિત્ર પ્રબળ પ્રેમનું પ્રતીક છે. જીવ પણ એવો પવિત્ર પ્રબળ પ્રેમ પેદા કરે તો શિવની સાથેની એકતાનો અનુભવ કરી શકે ને શિવના સંપૂર્ણ અનુગ્રહનો આસ્વાદ પામે. એ સનાતન સંદેશ એમાંથી શીખવાનો છે. જીવનની એ ધન્યતા અથવા પરમાત્મા સાથેની એકતાના અગત્યના સાધનનો સમાવેશ પણ રાધા શબ્દમાં કરવામાં આવ્યો છે. રાધાને ઊલટાવીએ તો ધારા થાય છે. ધારા એટલે ચિત્તની વૃત્તિઓની, ભાવો કે ઊર્મિઓની ધારા. સંસારના વિવિધ વિષયોમાં દિન-



રાત વહેતી એ ધારાને ઊલટાવી પરમાત્માના શ્રીચરણમાં જોડી દેવાની અથવા પરમાત્માના સ્વરૂપ તરફ વહેતી કરવાની છે. રાધાના ચિત્તની સમગ્રવૃત્તિ એવી રીતે એકાગ્ર બનીને કૃષ્ણમાં કેન્દ્રિત થઈ હતી. પરમાત્માના નામ ને રૂપમાં એવી રીતે ચિત્તવૃત્તિ કેન્દ્રિત થતાં પરમાત્માનો સાક્ષાત્કાર સહજ બની શકે છે.

**રામ અને કૃષ્ણનો સમન્વય**

આપણે જે જમાનામાં જીવીએ છીએ તે જમાનામાં રામની જરૂર છે કે કૃષ્ણની ? અથવા તો વર્તમાન પ્રજાને રામની વધારે જરૂર છે કે કૃષ્ણની ? એ પ્રશ્નોના ઉત્તરમાં મારે એ જ કહેવાનું છે કે રામ અને કૃષ્ણ બંનેની જરૂર છે. બંનેના જીવનમાંથી આપણે પ્રેરણાની સામગ્રીનો સદુપયોગ કરીએ તો જીવન જ્યોતિર્મય થાય અને આદર્શ બની જાય. આપણી મોટામાં મોટી ત્રુટી એ જ છે કે આપણે રામ અને કૃષ્ણને ઈશ્વરના અવતાર માન્યા છે, એમનાં મંદિરો કર્યાં છે; પરંતુ એમના જીવનમાંથી પ્રકાશપ્રાપ્તિ કરી જીવનને ઉત્તરોત્તર ઉજ્જવળ કરવાનું કિંમતી કામ છોડી દીધું છે. આપણે એમની આરતી ઉતારીએ, પૂજાપ્રશસ્તિ કરીએ, જયંતી ઊજવીએ, એમને ભોગ ધરીએ, એમની મૂર્તિને શણગારીએ અને એના નામની જે બોલીને એમની લીલાની નાટકીય નકલ કરીએ, એટલે આપણું કામ પૂરું થયું એવું નથી સમજવાનું. એમનો આધાર લઈને આપણે આદર્શ માનવ થવા, જીવનને જીવન કરવા, અને એમના આદર્શોને આત્મસાત્ કરવા પ્રયાસ કરવાનો છે. અને એવો પ્રયાસ આપણે ન કરતા હોવાથી, અથવા કરતા હોઈએ તો

અત્યંત ઓછા પ્રમાણમાં કરતા હોવાથી, રામ ને કૃષ્ણ આપણે માટે દેવતા કે ઈશ્વરાવતાર જ રહ્યા છે પણ જીવનના પ્રેરકબળ નથી બન્યા. આપણા સામાજિક અને રાષ્ટ્રીય જીવનમાં જે સ્વાર્થ, ચડસાચડસી, કટુતા, અપ્રામાણિકતા, સત્તા તથા પદની સ્પર્ધા, લાલસા, છળકપટ વગેરે દેખાય છે તેને દૂર કરવા માટે નીતિ અને સદાચારની મૂર્તિ જેવા, દીનદુઃખી પ્રત્યે હમદર્દી ધરાવનારા, મર્યાદાપુરુષોત્તમ શ્રીરામના જીવનમાંથી પ્રેરણા મેળવવાની છે અને અન્યાય, અધર્મ, આતંક અને અત્યાચારરૂપી કૌરવદળનો સામનો કરવા ભગવાન શ્રીકૃષ્ણની જેમ કટિબદ્ધ થવાનું છે. સામાજિક અને રાષ્ટ્રીય સલામતી અને સમૃદ્ધિ માટે અભિશાપરૂપ તત્ત્વોનો સામનો કરી, એમને નિર્મૂળ કરવા એ મહાપુરુષની જેમ જીવનભર ઝઝૂમવાનું છે. લોકહિતની એમની ભાવનાને હૃદયમાં ધારણ કરવાની છે. ઉપરાંત એમના ગીતાના સંદેશને જીવનમાં સાકાર કરવા કોશિશ કરવાની છે. એવી રીતે મર્યાદાપુરુષોત્તમ શ્રીરામ અને ગીતાગાયક અસુરવિનાશક શ્રીકૃષ્ણનો સમન્વય કરવાનો છે.

**–શ્રી યોગેશ્વરજી**

**(આત્માની અમૃતવાણી)**

'હે અર્જુન ! મારા ભક્ત જે પળવાર માટે પણ મારાથી વિભક્ત નથી એમને સંસાર સાથે શું લેવાદેવા ?'



## ॥ જીવનની ક્ષણભંગુરતા ॥

શંકરાચાર્યજી ચતુર્થ શ્લોકમાં આપણા જીવનની ક્ષણભંગુરતા અને ચંચળતા સુપેરે સ્પષ્ટ કરે છે –

**नलिनीदलगतजलमतितरलं तद्वज्जी वितमतिशयचपलम् ।**
**विद्धि व्याध्यमिमानग्रस्तं लोकं शोकहतं च समस्तम् ॥ ४ ॥**

नलिनीदलगतजलम्-કમળપત્ર પર રહેલું જળબિંદુ, अतितरल-અત્યંત ચંચળ, तद्वत्-તેવું, તેની જેમ, जीवितं-જીવન, अतिशय-અતિશય, અત્યંત, चपलम्-અસ્થિર, ચંચળ, विद्धि-જાણ, व्याधि-अभिमान-ग्रस्तम्-રોગ અને અભિમાનથી ઘેરાયેલ, लोकम्-સંસાર, शोकहतं-શોકગ્રસ્ત, શોકથી હણાયેલો, च-અને, समस्तम्-સમસ્ત.

કમળપત્ર પર રહેલું જળબિંદુ જેમ અત્યંત ચંચળ છે તેમ જીવન પણ અતિશય અસ્થિર છે. રોગ અને અભિમાનથી ઘેરાયેલ આ સમસ્ત સંસાર શોકગ્રસ્ત છે તે તું જાણ. (૪)

પ્રથમ પંક્તિમાં આચાર્ય એક સમુચિત દૃષ્ટાંત આપે છે. કમળનું પુષ્પ આપણે જોયું છે. તે જળમાં જન્મે છે તેથી તેને જલજ, અંબુજ, નીરજ, વારિજ પણ કહે છે. તે સરોવરમાં જન્મે છે તેથી તેને સરોરુહ, સરોજ કહે છે. તે કાદવમાં પણ થાય છે તેથી તેને પંકજ પણ કહે છે. તેની અન્ય વિશેષતાઓને આધારે તેનાં નલિન, અંભોજ, શતપત્ર, પુષ્કર, પદ્મ, ઉત્પલ, રાજીવ, અરવિંદ, કંજ, શ્રીવાસ, ઈન્દીવર વગેરે નામો પણ પ્રચલિત છે. કમળ આપણું રાષ્ટ્રીય પુષ્પ પણ છે. કમળની એક વિશેષતા એ છે કે તેના પાનની સપાટી વિશિષ્ટ હોવાથી પાણીથી તે ભીનું થતું નથી. તેના પર પાણીનું એક ટીપું

નાખવામાં આવે તો તે મોતી જેવું ચળકે છે, પારાના બિન્દુ જેવું લાગે છે. પરંતુ પાન જ્યાં સુધી સંતુલિત સ્થિતિમાં રહે છે ત્યાં સુધી જ તે જળબિંદુ ટકે છે. કમળનો છોડ સહેજ પણ પ્રક્ષુબ્ધ થતાં, છોડ પર ફરતા નાના જંતુની હિલચાલથી કે સહેજ પવન વાતાં જ જળબિંદુ સંતુલન ગુમાવી બેસે છે અને નીચે પડી જઈ વેરવિખેર થઈ જાય છે, વિનષ્ટ થઈ જાય છે. આ દૃષ્ટાંત આપ્યા પછી આચાર્ય આપણને સમજાવે છે કે આપણું જીવન પણ કમળપત્ર પરના જળબિંદુ જેવું ચંચળ અને ક્ષણિક છે, ક્ષણભંગુર છે.

અનેક વિચારકોએ, ચિંતકોએ, કવિઓએ જીવનની ચંચળતા અને ક્ષણિકતાને પોતપોતાની રીતે વ્યક્ત કરી છે. એક કવિ કમળ પુષ્પનું જ દૃષ્ટાંત સહેજ ભિન્ન સંદર્ભમાં આપી જીવનની ક્ષણિકતા, નશ્વરતા દર્શાવે છે. સુગંધ અને રસનો લોભી ભમરો કમળ પુષ્પ પર બેસી રસાસ્વાદ કરે છે. સંધ્યા સમયે સૂર્યાસ્ત થતાં કમળનું પુષ્પ બીડાઈ જાય છે ત્યારે લોલુપ ભમરો ઊડી જતો નથી પણ સ્વેચ્છાએ કમનીય કામણગારા કમળનો કેદી બને છે. પછી એ લોલુપ પણ આશાવાદી ભમરો મનમાં શું વિચારે છે અને પરિણામ શું આવે છે એ દર્શાવતાં કવિ કહે છે :

**रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं**
**भास्वानुदेष्यति हसिष्यति पङ्कजश्रीः ।**
**इत्थं विचिन्तयति कोषगते द्विरेफे,**
**हा हन्त ! हन्त ! नलिनीं गज उज्जहार ॥**

રાત્રિ જશે ને સોહામણી સવાર થશે, સૂર્યોદય થતાં જ રળિયામણું રાજીવ પ્રફુલ્લિત થશે. (અર્થાત્ ) કમળ ખીલતાં જ હું મુક્ત બનીશ એવું કમળમાં ફસાયેલો ભમરો વિચારતો હોય



છે ત્યાં જ એક મદમસ્ત હાથી આવીને કાળને ઉખેડીને પગથી ચગદી ચાલતો થાય છે.

આશાઓ, અપેક્ષાઓના મિનારા ચણતા પ્રત્યેક મનુષ્યની, હસીન સ્વપ્નાં સેવતા મુંગેરીલાલની આ જ હાલત થાય છે ને ? મહાભારતકાર એટલે તો કહે છે 'गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत्' (મૃત્યુ જાણે કે ચોટલી પકડીને ઊભું છે એમ સમજીને ધર્મ-પરમાર્થનું સેવન કરવું ઘટે.)

મોટાભાગના માણસો વર્તમાનમાં ઓછું જીવે છે, ભવિષ્યનો વિચાર વધુ કરે છે. કોઈ કિશોર કે તરુણને 'ભગવદ્ગીતા' કે ઉપનિષદોનો અભ્યાસ કરવાની સલાહ આપીએ તો તરત તે કહેવાના, નિવૃત્ત થયા પછી, વૃદ્ધાવસ્થામાં કરીશ; જાણે કે એટલું જીવવાનું નિશ્ચિત હોય ! પરંતુ એ જ યુવકને જ્યારે નોકરી મળે છે અને તે લગ્ન કરે છે કે તરત તે જીવનવીમાની પોલિસી લઈ લે છે ! પૂછીએ તો કહેશે-કાલે શું થશે, કોણ કહી શકે ? મારે પત્ની અને બાળકોની ચિંતા તો કરવી પડે ને ? અર્થાત્ જીવન અસ્થિર, ચંચળ, ક્ષણભંગુર છે એની એને ખબર છે, તેથી ભવિષ્યની સલામતી માટે તે જીવનવીમો ખરીદે છે.

મનુષ્યનું મન વિચિત્ર છે. મૃત્યુ વિશે વિચારવાનું હોય ત્યારે તે તરત કહેશે, હજુ ઘણીવાર છે. પરંતુ કોઈ શુદ્ધ, સાત્ત્વિક, પવિત્ર કાર્ય કરવાનું હોય ત્યારે મર્કટ મન મનુષ્યને મૂર્ખ બનાવે છે. આપણા દેશમાં આમેય મૃત્યુનો વિચાર કરવો અશુભ માનવામાં આવે છે. વિનોબા ભાવે કહેતા કે મૃત્યુની વાત આવે ત્યારે લોકો શાહમૃગની જેમ પોતાની આંખો બંધ કરી દે છે. વાઘ પાછળ પડે ત્યારે શાહમૃગ પહેલાં તો પૂરી તાકાતથી ભાગે છે, પણ જ્યારે વાઘ સાવ સમીપ આવી પહોંચે ત્યારે શાહમૃગ રેતીમાં મોં છુપાવી આંખો બંધ કરી દે છે. પરંતુ પોતાની આંખો

બંધ કરવાથી મૃત્યુને ટાળી શકાતું નથી.

'મહાભારત'માં યક્ષ જ્યારે યધિષ્ઠિરને પૂછે છે કે દુનિયાનું સૌથી મોટું આશ્ચર્ય શું છે ત્યારે જવાબ આપતાં ધર્મરાજ કહે છે :

**अहनि अहनि भूतानि गच्छन्ति यममंदिरम् ।**
**शेषाः स्थावरमिच्छन्ति किम् आश्चर्यम् अतः परम् ॥**

(રોજેરોજ માણસો મૃત્યુ પામે છે, છતાં બાકી બચેલા પોતે ક્યારેય મરવાના જ નથી એવું માને છે, આનાથી મોટું બીજું કયું આશ્ચર્ય હોઈ શકે ?)

મનુષ્યનું મન શાહમૃગ જેવું છે. તે જીવનની કડવી, કઠોર વાસ્તવિકતાઓથી દૂર ભાગવા ઇચ્છે છે. પરંતુ શંકરાચાર્ય આપણને ચેતવતાં કહે છે, જીવન અત્યંત ચપળ છે, ક્ષણિક છે. એનો અર્થ એ થયો કે જીવનની એક ક્ષણ વ્યર્થ વેડફાય નહિ. અનેક જન્મોના પુણ્ય પ્રતાપે આપણને દેવોને પણ દુર્લભ એવું અમૂલ્ય માનવજીવન સાંપડ્યું છે. આ જીવનકાળમાં મનુષ્ય જીવનનું પરમ લક્ષ્ય (આત્મસાક્ષાત્કાર) જો સિદ્ધ ન થયું તો મહાન હાનિ થઈ શકે. ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશી સાથે તેમના મૃત્યુના એકાદ વર્ષ પહેલાં મારે ઈડરમાં શ્રીમદ્ રાજચંદ્ર વિહાર જવાનું થયેલું ટેકરી પર ચડતાં ચડતાં કવિશ્રીએ કહ્યું કે શ્રીમદ્ જ્યારે ઈડરની આ ટેકરી પર પહેલીવાર આવ્યા ત્યારે (તેઓ ત્રિકાળજ્ઞાની હોવાથી) તેમને તરત ખ્યાલ આવી ગયો કે તેઓ મહાવીર સ્વામી સાથે તેમના શિષ્ય તરીકે અહીં આવ્યા હતા. એ જન્મમાં તેમનો મોક્ષ ન થયો તો પુનઃ મનુષ્ય જન્મ મેળવવામાં કેટલાં બધા વર્ષો પસાર થઈ ગયા ? એ દરમિયાન કેટલી યોનિઓમાં તેમણે પરિભ્રમણ કર્યું હશે ?

આપણે આ જન્મમાં જે કંઈ કરવા ઇચ્છતા હોઈએ એ



કરવામાં આળસ ન કરવી જોઈએ. કોઈપણ સારું કામ ભવિષ્ય પર મુલત્વી રાખવું જોઈએ નહિ. આપણા મધ્યકાલીન સંત કવિ સ્પષ્ટ શબ્દોમાં આદેશ આપે છે :

**જો કાલ કરે સો આજ કર લે, જો આજ કરે સો અબ કર લે.**
**જબ ચિડિયન ખેતી ચુગિ ડાલી, ફિર પછતાયે કયા હોવત હૈ ?**

જીવન શું છે ? જગત શું છે ? જીવ કોણ છે ? ઈશ્વર કોણ છે ? આ બધા વચ્ચે શું સંબંધ છે ? મનુષ્યને મુક્તિ કેવી રીતે મળે ? આવા મૂળભૂત પ્રશ્નોની ગહન અને સ્પષ્ટ સમજ માત્ર વેદાન્ત પૂરી પાડે છે. તેથી સભાન થયા પછી, જાગૃત થયા પછી મનુષ્યે વેદાન્તનું, ભગવદ્ગીતાનું અધ્યયન કરવું જોઈએ અને જીવનમાં તે જે કંઈ ઇચ્છે છે તે પ્રાપ્ત કરી લેવું જોઈએ. ગોવિંદનું-ભગવાનનું ભજન આપણને મુક્તિના માર્ગ પર ચાલવાનું બળ પૂરું પાડશે. વાલીયો લુટારો ભગવાનનું ભજન કરીને જ તો મહર્ષિ વાલ્મીકિ બની શક્યો હતો. કામી તુલસીદાસ કે બિલ્વમંગળ પણ ભક્તિ દ્વારા જ પરમ ભક્ત, સંત બની શક્યા હતા. તેથી પરમાર્થના પથ પર પગલું પાડવા માટે ભગવન્નામ જપ સૌથી સરળ અને સચોટ ઉપાય છે. નામસ્મરણની સાથે, દીનદુઃખીઓની સેવા, નિઃસ્વાર્થ કર્મયોગ આધ્યાત્મિક ઉન્નતિમાં સહાયક સિદ્ધ થાય છે. ભક્ત અને કર્મયોગી સહજપણે જ્ઞાનમાર્ગ પર આવી જાય છે અને જ્ઞાન દ્વારા મુક્તિ અનુભવે છે. વાસ્તવમાં મુક્તિ મેળવવાની ચીજ છે જ નહિ, એ તો અનુભવવાની છે, પ્રાપ્તસ્ય પ્રાપ્તિ છે. કેવળ જ્ઞાનથી જ મુક્તિ સંભવ હોવા છતાં કર્મ, ભક્તિ, ઉપાસના દ્વારા અંતઃકરણ શુદ્ધિ કર્યા વિના જ્ઞાનપ્રાપ્તિ માટે અધિકારીત્વ સાંપડતું નથી.

'ભગવદ્ગીતા'માં ભગવાન શ્રીકૃષ્ણ કહે જ છે —

'તસ્યાત્સર્વેષુ કાલેષુ મામનુસ્મર યુદ્ધ ચ.' (૮-૭) અર્થાત્ ભગવાનનું સદા સ્મરણ કરતાં કરતાં આપણે આપણું કર્તવ્ય કર્મ કરવું જોઈએ. નામસ્મરણ કે જપ આપણને આપણા લક્ષ્યની યાદ તાજી કરાવે છે. પ્રભુપ્રાપ્તિ કે મોક્ષ જ માનવજીવનનું લક્ષ્ય હોવું જોઈએ, અર્થ કે કામ નહિ. જીવન ચંચળ, ક્ષણિક છે એ સત્ય છે તેમ ૨૦૦ વર્ષનું જીવન પણ અનંત પળની સરખામણીમાં સીમિત, મર્યાદિત જ છે. યમરાજાએ નચિકેતાને જ્યારે દીર્ઘ જીવનની લાલચ આપી ત્યારે વિવેકી નચિકેતાએ તેમને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધેલું.

**श्वेमावा मर्त्यस्य यदन्तकैतत् सर्वेन्द्रियाणां जरयन्ति तेजः ।**
**अपि सर्वं जीवितमल्पमेव तवैव वाहास्तव नृत्यगीते ॥**

(કઠો. ૧-૧-૨૬)

આ બધી (ઉપભોગના પદાર્થો) નાશવંત છે અને તેઓ હે યમ, મનુષ્યની ઈન્દ્રિયોની શક્તિનો હ્રાસ કરનારા છે. વળી સમગ્ર જીવન (દીર્ઘ હોય તો પણ) અલ્પ જ છે. તમારાં રથો, નૃત્ય, ગીત તમારી પાસે જ રાખો.

આપણું જીવન જ્યારે અલ્પ છે, અસ્થિર, ક્ષણિક છે અને આપણું લક્ષ્ય જ્યારે સર્વોચ્ચ છે ત્યાં સમય વેડફયા વિના પૂરી સભાનતાથી, પૂરી શક્તિથી મચી પડવું જોઈએ.

શ્લોકની દ્વિતીય પંક્તિમાં શંકરાચાર્ય સંસારની નિઃસારતા, વ્યાધિગ્રસ્તતા દર્શાવે છે. જે સંસારમાં આપણે જીવવાનું છે એ કેવો છે ? રોગ અને અભિમાનથી ઘેરાયેલો અને શોકગ્રસ્ત, શોકથી હણાયેલો. ભગવાન બુદ્ધનો પણ સંસાર વિશેનો ખ્યાલ તો આવો જ હતો : 'सर्वं दुःखं दुःखं सर्वं क्षणिकं क्षणिकम् ।' જન્મથી મૃત્યુ સુધીના મનુષ્યના જીવનનું નિરીક્ષણ કરીએ તો તે



આધિ વ્યાધિ અને ઉપાધિ તથા ત્રિવિધ તાપથી સંતપ્ત જણાય છે. માણસને જીવનના પ્રત્યેક તબક્કામાં કોઈ ને કોઈ રોગોના ભોગ બનવું પડે છે. શરીર રોગોથી ગ્રસ્ત છે તો મન અભિમાનથી અને શોકથી સંત્રસ્ત છે. મનુષ્ય જીવનમાં જે કંઈ કરે છે તેમાં તેને કાં સફળતા સાંપડે છે કાં નિષ્ફળતા. સફળતા અભિમાન, ગર્વ જન્માવે છે તો નિષ્ફળતા, નિરાશા, શોક જન્માવે છે.

સિદ્ધિના શિખરે પહોંચવા માટે પાર વિનાનો પ્રયાસ કરવો પડે છે, મોટી મુશ્કેલીઓનો મુકાબલો કરવો પડે છે. મહા મહેનતે મેળવેલી સફળતાને સાચવવી કપરી હોય છે. પ્રત્યેક પળે હાથમાં આવેલી સફળતા, સિદ્ધિ સરકી જવાની સંભાવના હોવાથી સફળ મનુષ્ય પણ ચિંતા, તણાવથી ગ્રસ્ત રહે છે. અને જ્યારે તે સરકી જાય છે, છટકી જાય છે ત્યારે આવી પડેલા અધઃપતનને અપનાવવું, પચાવવું અશક્ય હોય છે. આ રીતે સમગ્ર સંસાર શોક સિવાય કશું આપવા શક્તિમાન નથી. તેથી તો ભગવાન ગીતામાં (૧૩-૯) આપણને સતત જન્મ, મૃત્યુ, જરા (વૃદ્ધાવસ્થા) અને વ્યાધિ (રોગ)માં રહેલાં દુઃખ અને દોષોનું દર્શન, ચિંતન કરવા કહે છે. શંકરાચાર્ય પણ 'શિવાપરાધ ક્ષમાપન સ્તોત્ર'માં કહે છે :

**आयुर्नश्यति पश्यतां प्रतिदिनं याति क्षयं यौवनम् ।**
**प्रत्यायान्ति गताः पुनर्न दिवसाः कालो जगद्भक्षकः ॥ १३ ॥**

પ્રતિદિન મનુષ્ય મૃત્યુની નજીક ને નજીક સરકે છે, યૌવન ક્ષીણ થાય છે, ગયેલા દિવસો ક્યારેય પાછા ફરતા નથી, કાળ બધાનું (જગતનું) ભક્ષણ કરે છે.

શંકરાચાર્ય આમ કહી આપણને હતાશ કરવા ઈચ્છતા નથી પણ મોહનિદ્રામાંથી જગાડી કર્તવ્યપથ પર પદાર્પણ કરવા પ્રેરે છે. સંત કવિ પણ સંસારના મુસાફિરને જાગૃત કરવા કહે છે :

**ઉઠ જાગ મુસાફિર ભોર ભઈ અબ રૈન કહાં જો સોવત હૈ ?**
**જો સોવત હૈ સો ખોવત હૈ જો જાગત હૈ સો પાવત હૈ.**

જે અજ્ઞાનના અંધકારમાં સૂએ છે તે માંડ માંડ મળેલી મહામૂલી તક ગુમાવે છે અને જે જ્ઞાનના પ્રકાશમાં જાગૃત થઈ લક્ષ્યપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરે છે તે અંતે લક્ષ્ય પ્રાપ્ત કરીને જ જંપે છે. સર્વ સાધકોએ જીવનની અગ્રીમતાઓ (priorities) નિશ્ચિત કરી સમયનું પ્રબંધન (Time management) કરી પ્રત્યેક પળનો સદુપયોગ કરવો જોઈએ.

પ્રત્યેક વ્યક્તિના જીવનમાં નિરંતર નાની મોટી સમસ્યાઓ, અડચણો આવ્યા જ કરશે. નાની મોટી બીમારીઓ, આર્થિક, સામાજિક સમસ્યાઓ, સ્વજનોનાં મૃત્યુ વગેરે પ્રત્યેક મનુષ્યના જીવનમાં આવે જ છે. એ બધું તો જીવનની સાચી સમજ કેળવવામાં સહાયક સિદ્ધ થાય છે. સમસ્યાશૂન્ય પ્રશ્ન શક્ય જ નથી. તેથી સમસ્યાઓથી ગભરાયા વિના સહુએ સાચાં સુખશાંતિ સંપ્રાપ્ત કરવા મથવું રહ્યું. શ્રીરામ, કૃષ્ણ, શિવજી મહારાજ, મહારાણા પ્રતાપ, ગુરુ ગોવિંદસિંહ, સ્વામી વિવેકાનંદ વગેરે મહાપુરુષોનાં જીવન પર દૃષ્ટિપાત કરતાં જણાય કે તેમણે તેમના જીવનમાં આવેલા પાર વિનાના પડકારોનો ઝિંદાદિલીથી સામનો કર્યો હતો અને સઘળી સમસ્યાઓનું સમુચિત સમાધાન કરી પોતાનું જીવનકાર્ય સુપેરે સંપન્ન કર્યું હતું. આપણે પણ એમ કરી શકીએ.

**—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**



# ॥ 'કાદવ અને કમળ' ॥

ગૌતમ બુદ્ધે પોતાના શિષ્યોને ધર્મનીતિવિષયક ઉપદેશો સંભળાવતી વખતે કહ્યું હતું કે ''ઉપમં તે કરિસ્સામિ'' એટલે કે હું ઉપમાથી અને દૃષ્ટાંતથી વાત કરીશ.

ભારતીય પરંપરામાં કથાનું આગવું સ્થાન છે વિચારો અનુભવો સાહસો અને ઉપદેશોને સહજતાથી કથા દ્વારા પ્રસ્તુત કરી શકાય છે. 'વસુદેવહિન્ડી' નામના ગ્રંથમાં કલ્પિત કથાના ત્રણ પ્રકારો સ્વીકારાયા છે અકથા, કથા, વિકથા, તે પૈકી તપ, સંયમ, દાન, શીલ, પવિત્રતા અને લોકકલ્યાણ અર્થે જે કહે તે કથા. માનવજીવનને સુખી બનાવવા માટે કથા શ્રેયસ્કર છે.

ધર્મ અને તત્ત્વજ્ઞાનના ગહન સિદ્ધાંતોને સહજ સરળ અને સુબોધ બનાવવા દરેક ધર્મે દૃષ્ટાંતકથાઓનો આધાર લીધો છે. સદ્ગ્રાહ્ય વિગતને હૃદયગ્રાહ્ય બનાવવા માટે કથા એ ઉત્તમ માધ્યમ છે.

મહાત્મા યોગેશ્વરજીએ પોતાના સાધનાજીવન દરમિયાન વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કર્યું એમાં પણ ઘણું વૈવિધ્ય પ્રાપ્ત થાય છે તમામ સાહિત્યનો સૂર એક જ-જીવનનું લક્ષ્ય 'પરમ તત્ત્વ'ની પ્રાપ્તિ છે. નવલકથા 'કાદવ અને કમળ' સાધકજીવનમાં આવતા ઝંઝાવાતની કથા છે. ''ધર્મનો માર્ગ છે શૂરાનો, નહિ કાયરનું કામ.'' આ વિચાર કથાની મૂળ ધરી છે.

કથાનો આરંભ બદ્રીનાથની ભૂમિમાંથી થાય છે જયદેવ આધ્યાત્મિક સાધના કરવા ઋષિકેશથી બદરીનાથ આવ્યો છે થોડો સમય આ પવિત્ર વાતાવરણમાં રહેવાની ઈચ્છા છે તે કોઈ

કુટિયાની શોધમાં છે નજીકમાં કાલી કમલીવાળાના આશ્રમ નજીક કેટલીક કુટિયાઓ છે પણ મેનેજર યોગીરાજ સાથે પરિચય કરાવી તેમની સંમતિ મેળવવાનું કહે છે. યોગીરાજ અને જયદેવનો આ પહેલો પરિચય છે. યોગીરાજ પણ ગુજરાતના (પ્રાંતિજ) અને જયદેવ પણ ગુજરાતનો (સુરત) એટલે બંને વચ્ચે આત્મીયતા પ્રગટે છે.

જોકે જયદેવ યોગીરાજનું જે વર્ણન કરે છે કે યોગીરાજના "મુખ પર શાંતિ-અશાંતિના મિશ્રિત ભાવથી ભરેલું મોઢું યોગીરાજની સાધના તો કહી બતાવવું જ હતું કે સાધના જીવનનું સાફલ્ય કરનારી પરમ શાંતિનું પ્રદાન કરનારી સર્વોત્તમ કક્ષાએ તે નહિ પહોંચી હોય" એટલું તો સમજી જાય છે. પણ અધ્યાત્મપથના પ્રવાસી હોવાથી મિત્ર બનતાં વાર નથી લાગતી. સતાં સદ્ભિઃ સંગઃ પુણ્યેન ભવતિ...

બંને યોગશાસ્ત્રના ઠીક ઠીક અભ્યાસી છે. તેમની મુલાકાતો વધતી જાય છે. યોગીરાજ પોતાનું પૂર્વજીવનનું નામ જૈમિની હતું આથી જયદેવ તેને તે નામે બોલાવે તે વધુ ગમશે એમ જણાવે છે અને પોતાના ભૂતકાળને જણાવતાં કહે છે કે,

"વિવેક અને વૈરાગ્ય મારામાં એટલો બધો નહોતો પેદા થયો તો પણ દુઃખ પ્રતિકૂળતા કે વિરોધને લીધે પેદા થયેલો, પણ મારે માટે તો તે લાભકારક જ થયો છે એ દુઃખ પ્રતિકૂળતા વિરોધ ના હોત તો હું આ જીવનમાં પ્રવેશી ના શક્યો હોત આ જીવનનો અંગીકાર મેં નાછૂટકે અને એકાએક કર્યો છે તો પણ હવે હું તેનાથી ટેવાઈ ગયો છું અને મને એ ગમે છે. સંન્યાસીના જીવનમાં લોકો જેટલી ધારે છે તેટલી સરળતા કે સગવડ ને



સલામતી નથી હોતી બીજી જાતના જીવન કરતાં આ જીવનમાં મુશ્કેલીઓ ઘણી છે પરંતુ હવે એ મને ડરાવી કે ડગાવી નથી શકતી." જૈમિની જયદેવને જણાવે છે કે મારી પત્ની ગૌરી અને પિતા વચ્ચે સુંવાળા સંબંધ હોવાથી તે આઘાતે તેણે સંન્યાસ ગ્રહણ કર્યો છે. એક પિતા પુત્રવધૂની સાથે આટલી લંપટલીલા કેવી રીતે કરી શકે ? સંસારમાં રહીને તેણે પરિસ્થિતિથી સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો પણ તે નિષ્ફળ રહ્યો. કથા આગળના પડાવમાં પહોંચે છે ત્યારે જૈમિનીના માથે જાણે કે આભ તૂટી પડ્યું છે !!! ત્રણ કે ચાર વર્ષથી જે પિતા અને પત્નીથી ભાગીને અહીં આવી વસ્યો હતો, આજે આ ક્ષણે તેઓ પણ આ બદ્રીનાથની ભૂમિમાં આવ્યા છે. અને સાથે ગ્રામવાસીઓ પણ છે. જૈમિનીનો પત્ની સાથેનો મેળાપ અત્યંત કુત્સિત રહ્યો. જયદેવની સાથે વાત કરીને તેણે મન હળવું કર્યું બંને વચ્ચે આત્મીયતા પ્રગટી હતી. પરિસ્થિતિઓ અને ઘટનાઓની મુક્ત મને ચર્ચા કરી. અહીં જયદેવ અન જૈમિનીના મૈત્રીના સંબંધો પ્રગાઢ બન્યા પણ કોણ જાણે કેમ જયદેવ ને આ વાતાવરણ માફક ન આવ્યું ખૂબ માંદા પડી ગયા જૈમિનીએ તેની સેવા પણ ઘણી કરી આખરે જૈમિનીની વિદાય લઈને જયદેવ ઋષિકેશ પરત આવ્યા.

જયદેવના ગયા પછી જૈમિનીને થોડો સમય ગમતું નહોતું પણ આખરે આમ જ જીવન વિતાવવાનું છે એમ માનીને મન મનાવ્યું. અહીંયાથી કથા એક નવો વળાંક લે છે. કેતકી અને પ્રદ્યુમ્ન બદ્રીનાથના ધામમાં ભાગવતસપ્તાહ કરાવવા આવ્યા છે. મુંબઈના શ્રીમંત છે. પિતાના શ્રાદ્ધ કાજે અહીં આવ્યા છે.

દુનિયાની નજરમાં બંને પતિ-પત્ની છે પણ વૈવાહિક જીવન અત્યંત દુઃખી છે. કેતકી અને પ્રદ્યુમ્નને સંતાન નથી. સત્સંગ માટે તેઓ જૈમિની પાસે આવ્યા છે. પતંજલિના યોગશાસ્ત્રમાં પોતાને રસ છે તેમ જણાવી કેતકી જૈમિનીથી નિકટતા કેળવી લે છે તે જૈમિનીથી તે અભિભૂત થાય છે. પોતાના દુઃખી સંસારની વાતો કરીને સહાનુભૂતિ પણ મેળવે છે. પ્રદ્યુમ્ન અને કેતકી પંદર દિવસના અંતે મુંબઈ પોતાની સાથે આવવાનું આમંત્રણ પણ આપે છે. જૈમિની કેતકીની વાતોમાં આવીને મુંબઈ જવાનું આમંત્રણ સ્વીકારી લે છે મુંબઈ જતાં વચ્ચે ઋષિકેશમાં તેનો જયદેવ સાથે મળવાનો અવસર મળે છે ત્યારે પણ જયદેવ જૈમિનીને ''ગૃહસ્થીઓના વ્યવહારમાં ગાફેલ ન રહેવું, ખૂબ ચેતીને ચાલવા જેવું છે, જરાક ભૂલ થાય તો આવી બને'' જયદેવની અને જૈમિનીના ખૂબ ઉત્તમ સંવાદોથી સભર આ પ્રકરણમાં સારો એવો બોધ પ્રાપ્ત થાય છે અને અધ્યાત્મજગતના સાચા સાધકનાં અહીં દર્શન થાય છે. પ્રત્યેક પળની સભાનતા યોગીએ રાખવી જોઈએ.

સમાંતરે જયદેવના જીવનમાં પણ ભારતી નામની એક સ્ત્રી આવે છે. અમેરિકાથી યોગ શીખવા ભારતમાં આવી છે. તે અમેરિકાની અભિનેત્રી છે સૌંદર્યની જાણે મૂર્તિ છે બન્નેની વચ્ચે અધ્યાત્મની સારી એવી ચર્ચા થાય છે. બંનેના રસના વિષયો સમાન હોવાને કારણે ભારતી જયદેવ તરફ આકર્ષણ અનુભવી રહી છે જીવનસાથી તરીકે જયદેવને પામવા માગે છે તેને ગુરુ બનાવવા માગે છે. પણ જયદેવ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે પ્રેમ ને કામમાં ભેદ છે તે જાણે છે ને ? તે આવા કોઈ સંબંધમાં બંધાવા નથી માગતો. ભારતીના આ પ્રસ્તાવનો અસ્વીકાર કર્યા



બાદ ભારતી અહીં અઠવાડિયા સુધી આવી નથી આથી જયદેવ ભારતીની મુલાકાત લેવાનું વિચારે છે કુતૂહલવશ તપાસ કરતાં વાસ્તવિકતા જાણી કે તે કોઈ અન્ય સાધુ સાથે ભાગી ગઈ છે ! પોતાનો નિર્ણય સાચો હતો તેવી તેને અનુભૂતિ થાય છે.

જૈમિની ગૃહસ્થીઓનો મહેમાન બનીને મુંબઈ આવે છે. નગરીની માયામાં કેતકીના ઘરમાં ગેરુઆ રંગનાં વસ્ત્રોનો ત્યાગ કરીને તે અત્યંત ઐયાશીભર્યું જીવન જીવવા લાગે છે. અહીંયા આવ્યા પછી તેને એ પણ જાણ થાય છે કે કેતકીના તેના સિવાય અન્ય એક પુરુષ કેશવ સાથે પણ અઘટિત સંબંધો છે. આમ છતાં તેનો કેતકી તરફનો મોહ, અનુરાગ ઓછો થતો નથી. સંસારના કલુષિત અનેક દુર્ગંધજન્ય સંબંધો તેને પીડા નથી આપતા તે અંતરાત્માને અને જાતને છેતરી રહ્યો છે. તે છેક એટલે સુધી કે અત્યાર સુધી જે જીવન જીવ્યો તે તેને સાવ ફિક્કું અને રસહીન લાગે છે. મુંબઈમાં અત્યાર સુધી જે લોકોની નજરમાં યોગી હતો તે હવે ભોગી બન્યો છે. આ વાસ્તવિકતા જાણીને પણ તે સભાન નથી બનતો. જયદેવના પત્રની તેના પર કોઈ અસર થતી નથી એતો પરિસ્થિતિથી ભાગી છૂટવા માગે છે.

જયદેવ ભારતીના પ્રસંગના થોડા સમય પછી સુરત આવવા નીકળ્યો છે. તે ગાડીમાં બેઠો છે ત્યાં એક ગૃહસ્થીના કુટુંબ સાથે તેનો પરિચય થાય છે ગૃહસ્થી પોતાની બન્ને દીકરીઓના વિવાહ નહિ થવાથી ચિંતિત છે જયદેવમાં તેને ભાવિ જમાઈ દેખાય છે. સુરત પહોંચ્યા પછી ઘણી બધી નાટ્યાત્મક ઘટનાઓથી પસાર થાય છે. પણ જયદેવ બચીને મુંબઈ જવા રવાના થાય છે.

તો આ તરફ જૈમિની અને કેતકી મુંબઈ છોડીને થોડો સમય હવાફેર માટે ક્યાંક જવા વિચારે છે અને પુના આવે છે. પુનામાં પણ પ્રદ્યુમ્ન અને રોહિણીનો (કેતકીની ભાભી) ભેટો થાય છે. પહેલી વખત પ્રદ્યુમ્ન અને જૈમિની વચ્ચે શાબ્દિક ટપાટપી (વાકયુદ્ધ) થાય છે. પ્રદ્યુમ્ન જૈમિનીને બાવો, જોગટો કહીને ખૂબ જ અપમાન કરે છે. રોહિણી પણ ન બોલવાનાં વેણ બોલીને કેતકીને સંભળાવી દે છે. ગૃહસ્થજીવન જ્યારે મર્યાદા તોડે ત્યારે પાતકમાંથી પસાર થાય તેનું ખૂબીથી મહાત્માજીએ નિરૂપણ કર્યું છે. પુનાથી ભાગીને આલંદી જાય છે. ત્યાં પણ પ્રદ્યુમ્ન અને રોહિણી આવી પહોંચે છે. જૈમિની અને પ્રદ્યુમ્ન વચ્ચે ફરી ઝઘડો થાય છે. તેમાં જૈમિની રામપુરી ચાકુથી પ્રદ્યુમ્નને પડકારે છે. છેવટે મંદિરના પૂજારી દરમિયાનગીરી કરીને તેમને છૂટા પાડે છે.

આલંદીથી પરત આવ્યા બાદ જૈમિની, કેતકી અને કેશવે જે અંચળો ઓઢી રાખ્યો છે તે ઉતરી ગયો છે. કેતકીનું હૃદગત બહાર આવી જાય છે.

''હા હું પ્રદ્યુમ્નને ચાહું છું એ મારો પતિ છે. એ ખોટે માર્ગે ચડેલો છે છતાં પણ મારો મટી નથી જતો. બાકી તમે પુરુષ (જૈમિની) છો. સ્ત્રીના હૃદયને નહિ સમજી શકો સ્ત્રી કદી બેવફા બનીને પોતાના હૃદયમાંથી કોઈને એમ ને એમ કાઢી નથી શકતી'' સ્ત્રીની મનોદશાનો પણ મહાત્માજીએ સુંદર પરિચય કરાવ્યો છે.

જયદેવનો પત્ર પણ આવીને પડ્યો છે. તે સુરતની યાત્રા વખતે જૈમિનીને મળવા અહીં આવ્યો ત્યારે તેઓ પુના ગયા



હતા. માટે તેમના માટે એક પત્ર લખીને ગયો છે. જૈમિનીને જયદેવનો પત્ર પણ હવે પસંદ નથી જૈમિની વધુ ને વધુ આ કળણમાં ફસાતો જાય છે અચાનક એક દિવસ તેને એક ગૃહસ્થ મારવાડી કુટુંબ મળે છે જે તેને બદ્રીનાથના સમયથી ઓળખતું હોય છે સાંપ્રતમાં તેમની આર્થિક સ્થિતિ નબળી પડી છે તેઓ જૈમિનીને યોગી તરીકે ઓળખતા હોવાથી પોતાની સાથે દિલ્હી આવવા આમંત્રણ આપે છે. પાછલી કેટલીક ઘટનાઓથી નાસીપાસ બનેલો જૈમિની સ્થાનફેર માટે કેતકીની રજા મેળવી દિલ્હી જાય છે આ ગૃહસ્થની બંને દીકરીઓ શ્યામા અને પૂર્ણા જૈમિનીની તરફ આકર્ષાય છે. કુટુંબના વડીલ ધંધાર્થે બહાર ફરતા હોય છે અને પત્ની કમળાની તબિયત સારી નથી રહેતી આથી જૈમિનીની શુશ્રૂષા અને સેવાનું કાર્ય આ બંને બહેનોના હાથમાં છે. સાંસારિક સુખોનો સ્વાદ ચાખી ચૂકેલા જૈમિની બંનેની સાથે નિકટતા સાધે છે. શ્યામા અને પૂર્ણા બંને બહેનો એકબીજાના સાગરીત બનીને વ્યભિચાર કરે છે. જૈમિની અહીં કેતકીને વૃદ્ધા કહીને વખોડે છે અને નવું પંચીકરણ એવું નામ આપી, યોગ શીખવવાના આડમાં અઘટિત સંબંધો બાંધે છે. શ્યામાને ભગાડીને તે મુંબઈ લઈ આવે છે અને કેતકીના ઘરે પહોંચે છે. કેતકીને આ રુચતું નથી પણ એકદમ કહેવું યોગ્ય પણ નથી એમ લાગતાં થોડાક સમય પૂરતી મૂક સંમતિ આપે છે પણ વખત આવ્યે જૈમિનીને જણાવે છે કે તેણે આ ખોટું કાર્ય કર્યું છે તે પરણેલો છે તેનાથી આમ ન થાય. શ્યામા આ સાંભળીને છેતરાયાની લાગણી અનુભવે છે. મારવાડી સદ્‌ગૃહસ્થ તો ''બાવો દીકરો ભગાડી ગયો'' એવી પોલીસને જાણ પણ કરે છે કેતકી

પત્ર દ્વારા તેમને જણાવે છે શ્યામાને પણ સમજાવી ફોસલાવી તેના પિતાની સાથે મોકલી દે છે. હવે જૈમિની ચારેતરફથી ઘેરાઈ ગયો છે. જૈમિનીને તેની ભૂલ સમજાય છે.

જયદેવ ઋષિકેશના માયાકુંડના શાંત સુંદર અને એકાંત ગંગાતટ પર શાંતિથી બેઠો છે. ત્યાં બ્રહ્મજ્ઞાની નામની એક સાધ્વી જેવી દેખાતી સ્ત્રી પનિહારીરૂપે પ્રગટે છે. ઘડાને માથા પર મુકવાની વિનંતી કરીને તે નજીક બોલાવે છે અનુપમ સૌંદર્ય જોઈને બે ઘડી તે પણ અચંબિત થઈ જાય છે. ઘડો ચડાવી આપવા અર્થે આવે છે ત્યાં પોતાનો પરિચય આપતાં તે કહે છે કે, તે આખા દેશમાં ફરી રહી છે બ્રહ્મભાવમાં મગન રહેવાનું ગમે છે હું તમારા પર મોહિત થઈ ગઈ છું આપ મારો સ્વીકાર કરો. સ્ત્રીના આવા શબ્દોથી તો જયદેવ સહેજ આભો બની ગયો પણ પોતાની પ્રજ્ઞા અને વિવેકને પ્રગટાવીને આ પ્રસ્તાવ તેને ફગાવી દીધો. જયદેવનાં જ્ઞાન, વૈરાગ્ય અને વિવેક બ્રહ્મજ્ઞાની સાથેના સંવાદમાં પ્રગટે છે. બ્રહ્મજ્ઞાની તેને હદયવિહોણો કહે છે.

તો તે કહે છે કે ''ઠીક હૈ એસા હી કહેના. મૈં વૈસે દિલ કો નહિ ચાહતા જો નીતિ કે રાસ્તે કો ભૂલ કર કે અનીતિ કે રસ્તે પર ચલને કો તૈયાર હોતા હૈ. વેસા દિલ તો હો તો ભી ક્યા ન હો તો ભી ક્યા. ઉસસે ક્યા ફાયદા ? વૈસે દિલ કે હોને સે તો દિલ ના હો વોહી અચ્છા હૈ.''

બ્રહ્મજ્ઞાનીને ત્યાં જ મૂકીને તે આગળ ચાલી નીકળ્યો આ શું ?

ગૌરી-કેતકી-શ્યામા-પૂર્ણા આ સ્ત્રીઓ સાથેનો તેનો સંબંધ એના જીવનમાં ઉઠેલ ઝંઝાવાતમાંથી બહાર નીકળતાં તેણે



ફરીથી ઋષિકેશની વાત પકડી ત્યાં જયદેવનો ભેટો થતાં તેની આગળ પોતાના હૃદયની વ્યથા ઠાલવી. એને સાચા અર્થમાં હવે જ્ઞાન લાધ્યું છે ને વૈરાગ્ય પ્રગટ્યો છે. પોતાની ભૂલનો સ્વીકાર કરીને પશ્ચાતાપમાં હવે પછીનું જીવન ઈશ્વરપ્રાપ્તિ અર્થે જયદેવને ગુરુસ્થાને સ્થાપીને પૂરું કરવા માગે છે.

જયદેવ પણ તેની સાથે મુક્ત મને ચર્ચા કરીને પ્રશ્ન પૂછે છે કે ''હૃદયમાં વિષયની વાસના તો નથી ને ?'' કહે છે કે ''જો વિષયના ઉપભોગની વાસના રહી ગઈ હોય તો એ વાસના બળવો કરીને ક્યારે બળવત્તર બનશે તે વિશે કશું જ ચોક્કસ નહિ કહી શકાય માટે તેનો લગીર જેટલો અંકુર પણ ન રહેવો જોઈએ.'' હવે તેને ગૌરી મળે છે તો પણ તેને કહે છે કે 'હું સંન્યાસી છું.'

''હું પણ પહેલાં કમળ જેવો હતો પરંતુ મારા ને તમારામાં ફેર એટલો જ કે હું કમળ રહેવાને બદલે કાદવથી ખરડાઈ ગયો અને તમે કમળના કમળ રહ્યા.''

''સંસારનો કાદવ તમને કાંઈ જ ન કરી શક્યો અરે સ્પર્શી શક્યો ય નહિ.''

''હવે જાગ્યા છો તો ફરીથી ઊંઘતા નહિ. કાદવને ખંખેરી કાઢીને ફરી નિર્મળ બની જાવ એટલે થયું. જીવનમાં ભૂલો તો બધાંની થયા કરે છે પરંતુ ભૂલને ભૂલ સમજી ને સુધારી લેવામાં તથા તેનું પુનરાવર્તન ન થવા દેવામાં જ શાણપણ છે.''

કેતકી અને જૈમિની વચ્ચે પત્રવ્યવહાર ચાલે છે. જૈમિની કેતકીને પત્ર લખીને જણાવે છે. ''પુરાણી સ્મૃતિઓ યાદ નથી આવતી એવું નથી મનનો સ્વભાવ છે એટલે યાદ તો આવ્યા કરે

છે. છતાં પણ એમાં મને હવે એટલો બધો રસ નથી રહ્યો ઉલટું મારો આત્મા એમના સ્મરણથી સાપ બનીને ડંખે છે એક મૃત્યુ મારા હૃદયને વીંધી તથા વલોવી નાંખે છે મારું આખું ચિત્તતંત્ર હવે નવું થઈ ગયું છે ભર્તૃહરિ કહે છે કે જ્યારે મારી અંદર કામવાસનાના સંસ્કારોનું પ્રાબલ્ય હતું ત્યારે બધું જગત નારીમય દેખાતું પરંતુ એ સંસ્કાર દૂર થઈને હૃદયમાં હવે જ્ઞાનનો પ્રકાશ પથરાયો છે તેને લીધે ત્રણે ભુવનમાં એક પરમાત્મા સિવાય બીજું કાંઈ જ નથી દેખાતું એવી દશા મારી પણ થઈ ગઈ હતી જગતના કામના પ્રતીક જેવી નારી વિના મને બીજું કાંઈ દેખાતું જ નહિ હવે એ દશા દૂર થઈ છે અલબત્ત ત્રણે ભુવનમાં એક પરમાત્માનું દર્શન મારે માટે હજુ શક્ય નથી થયું. પરંતુ તેને માટેનો મારો પ્રયાસ છે અને તે પણ શક્ય થઈ જશે તેવી મારી શ્રદ્ધા છે. શરીરના સુખઉપભોગની લાલસામાંથી કાયમને માટે મુક્તિ મેળવી ને હું હવે જીવનનું કલ્યાણ કરી લેવા માગું છું બીજી કોઈ વસ્તુ કે વ્યક્તિમાં મારું ધ્યાન ના જાય તે જ બરાબર છે જયદેવભાઈના સમાગમથી મારી કાયાપલટ થઈ રહી છે એમની જેમ કાંતિમય કમનીય કમળ બનીને આ સંસારમાં હું કહેવા માગું છું.''

આ એક બોધપ્રધાન નવલકથા છે. તેને સંવેગજનની કથા પણ કહી શકાય. કાવ્યનું મુખ્ય પ્રયોજન તો सद्यः परि निरवृतये: છે. સહજ આનંદની પ્રાપ્તિ થાય છે પણ કથાના માધ્યમથી પ્રાપ્ત બોધ 'રામની જેમ વર્તવું રાવણની જેમ નહિ' જેમ અહીં પણ બોધ પ્રાપ્ત થાય છે. અધ્યાત્મમાર્ગે પ્રગતિ કરવા માટે સાધકે ક્યાં ને કેવી સાવધાની રાખવી જોઈએ તે આ નવલકથા સુપેરે પ્રગટ કરે છે. મહાત્માજી અધ્યાત્મના સાધક હોવાથી સાંસારિક



પ્રલોભનો ક્યા ક્યા સંભવે ? તે બહુ સારી રીતે જાણે છે જો તેને સમજણપૂર્વક દૂર ન કરીએ તો અધ્યાત્મને ન અપનાવવું જોઈએ વળી મોડું મોડું પણ જો ભૂલ સમજાય તો પ્રાયશ્ચિત કરીને તમારા જીવનને ઉન્નત સ્તરે લઈ જઈ શકો છો ગુરુની જરૂર શા માટે ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં ગુરુ કોને કરવા તેની પણ ઓળખ અહીં છતી કરે છે. સમાંતર ચાલતી કથાનાં બંને પાત્રો જે પ્રકારના વાતાવરણમાંથી પસાર થાય છે તેમાં વૈરાગીએ ક્યાં અને કેવી રીતે સાવચેત રહેવું એની પૂર્ણ સમજ આ નવલકથા આલેખે છે.

સાહિત્યરચનાનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં અશ્વઘોષ લખે છે કે..પ્રથમાલીઢ મધવઃ પિબન્તિ કટુભેષજમ્.

'રોગીને મધુમિશ્રિત ઔષધ આપવું જોઈએ.'

કારણ કે મધુરતાને કારણે ઔષધ તે લઈ લેશે અને ઔષધ શરીરમાં જતાં તે રોગનો નાશ કરશે. આ કૃતિનો સ્થાયી ભાવ વૈરાગ્ય છે અને તેને વધુ ને વધુ ઘેરો બનાવવા માટે વિવિધ પરિસ્થિતિઓમાંથી તેના નાયકો પસાર થાય છે જેમાં જૈમિની અધઃપતન પ્રાપ્ત કરે છે જ્યારે જયદેવ સાદ્યંત સફળ રહે છે.

આ કૃતિનાં સ્ત્રીપાત્રો પણ કાલિદાસની કૃતિઓનાં સ્ત્રીપાત્રોની જેમ જાજરમાન અને વાક્પટુ છે. કેતકી ખરેખર ધ્યાનાકર્ષક બની રહે છે તેની પોતાની વૃત્તિ પણ અધ્યાત્મ તરફ વળેલી છે ગૃહસ્થજીવનના ક્લેશે તેને અવળે રસ્તે ચડાવી છે. ઈન્દ્રિયજન્ય સુખમાં જ તે પોતાનું જીવન વેડફી રહી છે. પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધોએ તેનું અંતરમન ઘવાયું છે તે પૂર્વપ્રેમી કેશવ અને જૈમિની વચ્ચે આંતરદ્વન્દ્વ પામતી રહે છે. આ સ્ત્રી

જૈમિનીના પુરુષાતનને પોષે પણ છે અને ટપારે પણ છે. જૈમિની તેનાં વખાણ કરતાં કહે છે કે..“સ્ત્રી વગરના જીવનમાં કાંઈ આનંદ જ નથી એવું જીવન મરણ બરાબર છે એની મને ખાતરી થઈ આને માટે દત્તાત્રેયના ૨૪ ગુરુની જેમ હું પણ તને મારી ગુરુ માનું છું.”

કૃતિનો મુખ્ય રસ ભક્તિ છે.

ભક્તિ શૃંગારનો એક ભાગ મનાય છે આમ છતાં ભક્તિ તરફ ગમન કરવા માટે જે રીતે જૈમિનીનું અધઃપતન દર્શાવાયું છે ત્યાં શૃંગારને ખીલવ્યો છે પણ એ દ્વારા મહાત્માજી સંસારના કાદવને દર્શાવવામાં સફળ રહ્યા છે. ભર્તૃહરિના નીતિશતકનો આ એક શ્લોક સમગ્ર કથાનું ઉદ્‌બોધન કરવા પૂરતો છે :

**यां चिन्तयामि सततं मयि सा विरक्ता,**
**साप्यन्यमिच्छति जनं स जनोऽन्यसक्तः ।**
**अस्मत्कृते च परिशुष्यति काचिदन्या,**
**धिक्तां च तं च मदनं च इमां च मां च ॥**

“જે સ્ત્રીને હું પ્રેમ કરું છું તેના હૃદયમાં મારા માટે કોઈ પ્રેમ નથી, પરંતુ તે કોઈ બીજાને પ્રેમ કરે છે, તે વળી બીજા કોઈને પ્રેમ કરે છે, અને જે સ્ત્રી મને પ્રેમ કરે છે તેના માટે મારા હૃદયમાં પ્રેમ નથી. આથી તેને મને એને અને કામદેવને ધિક્કાર હજો.”

**–ડૉ. પ્રચેતા પંડ્યા**

‘Love is not love which alters when alteration finds.’



# ॥ સાચો શિક્ષક ॥

જે ઓછામાં ઓછું શીખવે એ શિક્ષક ઉત્તમ. અર્થાત્ શીખવવાના ભાર વિના જે સહજ શીખવી શકે એ સાચો શિક્ષક.

એક વાત તો નિશ્ચિત છે કે શિક્ષકોએ માત્ર ભૂતકાળનું જ જ્ઞાન યુવકોને આપવાનું નથી, એમને ભાવિ નાગરિક પણ બનાવવાના છે. વિશ્વવિદ્યાલયમાં જે પ્રતિભાશાળી ગણાય છે તે ખરેખરી જિંદગીમાં પ્રતિભાવિહીન કેમ હોય છે ? એ પ્રશ્ન વિચારવાનો છે.

કેળવણીમાં ક્રાંતિનો પ્રથમ પાયો છે : સ્મૃતિની કેન્દ્રસ્થ અગત્યતાને દૂર કરવી અને બુદ્ધિને કેન્દ્રમાં રાખવી. કારણ સ્મૃતિ કે યાદદાસ્તનાં કામ તો ટેપરેકોર્ડર અને કમ્પ્યૂટર કરી દેશે.

બીજું ક્રાન્તિનું સૂત્ર છે : વધારાની શક્તિનું નિયોજન. એને રૂપાંતરિત કેવી રીતે કરવી ? નવી દિશા તરફ ગતિશીલ કેવી રીતે કરવી ? સંભવ છે કે નવા આયોજન માટે બાળક ‘ના’ પણ પાડે. હવે આપણને તો આદત છે બાળક પાસેથી ‘હા’ સાંભળવાની ! તો બાળકોની ‘ના’ કઈ દિશામાં નિયોજિત કરવી એ વિચારવું પડશે. બાળકો દોડવા માગતા હોય, કૂદવા માગતા હોય કે બૂમો પાડવા ઈચ્છતા હોય તો આપણે એની પણ યોજના કરવી પડશે.

બાળકોમાં જ્યારે આવી વધારાની શક્તિ આવે તો તેને નૃત્ય કરવાની ઈચ્છા થાય પણ આપણે ત્યાં નૃત્યની વ્યવસ્થા ન

હોવાથી સંભવ છે કે બાળકો વર્ગમાં નાચે. શરીરમાં શક્તિનો ધોધ વહેતો હોય તો નૃત્ય તેમને માટે આનંદ બને છે, પણ આપણે એ આનંદ સ્થગિત કરી દઈએ છીએ. તો એ વ્યક્ત કરવા પણ અવકાશ ઊભો કરવો પડે. બાળકોને નૃત્ય પણ શીખવવું પડશે.

બાળકોને ગાવાનું શીખવવામાં નહિ આવે તો ઝીંદાબાદ-મુર્દાબાદના બૂમ-બરાડામાં એની શક્તિ ખર્ચાશે.

યુવકોને તોડફોડ કરવાની ઇચ્છા છે તો એ પણ શીખવવું પડશે. ઘણુંબધું તોડવા જેવું છે પણ સાથે ઘણુબધું બનાવવા જેવું પણ છે એ શીખવવું પડશે. ચીજો નષ્ટ કરવા માટે પણ એક વિશેષપણે આયોજન આપવું પડશે.

હવેના શિક્ષકોએ સાતત્યપૂર્ણ રીતે શિક્ષિત બની રહેવું પડશે. હવે જૂની ઘરેડ નહિ ચાલે. કેળવણી ક્યારેય પૂરી નથી થતી. જનમભર શીખતા રહેવાનું છે. પોતાના વિદ્યાર્થીઓને પણ એ રીતે તૈયાર કરવાના છે. હવે કોઈ ડિગ્રી મેળવીને શિક્ષણ પૂર્ણ થઈ જવાનું નથી. નવી નવી પદ્ધતિઓનું સ્વાગત કરવું પડશે. નવી નવી બાબતોને તત્કાળ આત્મસાત્ કરી લેવી પડશે. તો જ પૃથ્વી પર આપણે શિક્ષિત, સુસંસ્કૃત સભ્ય બનીને ઊભા રહી શકીશું. નહીંતર આગળ આપણો કોઈ ઈતિહાસ નહિ બની શકે.

ભારતમાં હજારો વર્ષોથી જે ભૂલો શિક્ષણજગતમાં થઈ રહી છે તે પચાસ વર્ષમાં સુધારી લેવી પડશે. નહિ તો આપણે અવસર ચૂકી જઈશું. આજે શિક્ષકોને શિરે જેટલી જવાબદારી છે એટલી કોઈને માથે નથી. અને કેળવણીએ જ મોટો પાઠ ભજવાનો છે. આ સંક્રાન્તિયુગમાં કેળવણી જ એક એવી કડી બની શકે તેમ



છે, જેને સહારે આપણે દુનિયા સમક્ષ ઊભા રહેવા સમર્થ બની શકીશું.

એટલે શિક્ષકોએ ઉપદેશ કરવાનું છોડી દઈ, વિદ્યાર્થીઓની માનસિકતાને સમજવી પડશે. તો જ શિક્ષણ સાર્થક બની શકશે.

કાલ સુધી શિક્ષક કેન્દ્રમાં હતા, વિદ્યાર્થીઓ પરિઘ પર હતા. હવે સ્થિતિ તદ્દન બદલાઈ છે. વિદ્યાર્થી કેન્દ્રમાં હશે અને શિક્ષક પરિઘ પર. બદલાયેલી પરિસ્થિતિમાં પોતાને જાતને પુનઃ આયોજિત કરવી, એ શિક્ષક માટે મહા પ્રશ્ન છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનું અંતર ઓછું થાય એ બહુ જ જરૂરી છે. શિક્ષકે વિનમ્ર બનવું પડશે.

અત્યાર સુધી કેળવણીની પ્રણાલીમાં મુખ્ય આધાર હતો બાળક પાસે આદરની અપેક્ષા રાખવાનો પણ સામા આદરકી ઐસી તૈસી ! આ બાબત સમૂળગી છોડી દેવી પડશે.

શું શાળામાં કે ઘરમાં કેન્દ્રમાં શિક્ષકો કે માતાપિતા નહિ, બાળક જ રહેશે. ઓશોએ આ વાત બહુ સુંદર રીતે પ્રસ્તુત કરી છે : 'આવતો કે ઊગતો સૂર્ય કેન્દ્રસ્થાને હોય અને આથમતો સૂર્ય પરિઘ પર હોય' એ જીવનની સરળ સ્વાભાવિક સામાન્ય હકીકત છે, બસ એનો સહજ સ્વીકાર કરો.

**–સં. સ્વામી આનંદ વૈરાગ્ય**

**(અનુ.અમૃત ચૌધરી)**

'સાચું શિક્ષણ મનુષ્યને "આજ અને અહીં" શીખવશે. સ્વર્ગ અહીં જ છે. પ્રસન્ન રહેવા માટે કોઈ તૈયારીની જરૂર નથી. પ્રેમપૂર્ણ થવા કોઈ શિસ્તની આવશ્યકતા નથી. જરૂર છે માત્ર થોડી જાગૃતિની, થોડી સમજદારીની !'

# ॥ વિદ્યાલયો કેવાં હોવાં જોઈએ ? ॥

વિદ્યાલયોમાં વિવિધ વિષયોની જાણકારી અપાય પણ કેટલોક સમય મનુષ્ય પોતાને ઓળખે એ માટે અપાય.

આપણને દુનિયાનું જ્ઞાન છે પણ આપણું જ્ઞાન નથી.

આપણે પોતાને જાણતા નથી એટલા માટે તન-મન-પ્રશાસનના ગુલામ થઈ જઈએ છીએ. ચિત્તમાં ભય રહ્યા કરે છે.

જન્મનો સ્વીકાર અને મૃત્યુનો સ્વીકાર પણ શીખવાડવાનો છે.

સમાજના નાગરિકને નાતે વિદ્યાર્થીઓને તૈયાર કરવા ચાર કલાક તો બે કલાક આત્મપરિચય માટે અપાય.

બે કલાક સ્વાવલંબનનો આનંદ આપવા વાંચનાલય, સ્વાસ્થ્યાલય, ગૌશાળા, ખેતી-બાગકામની જોગવાઈ કરાય જેથી જીવન હર્યુંભર્યું સમૃદ્ધ બને.

અભાવગ્રસ્ત નહિ, ત્યાગ-ભોગ નહિ, સંયમનું કાવ્ય કણકણમાં નિનાદિત હોય.

વૈદિકકાળમાં આવું સમૃદ્ધ જીવન હતું. સંસ્કૃતિ જીવનરસિક હતી. તો આજે એવાં શિક્ષણસંકુલ કેમ પેદા ન થાય ? અંદર આત્મબળ ન હોય ત્યારે જ માણસ બહાર સુરક્ષા શોધે છે. અલબત્ત, ભૌતિક સ્તરે સુરક્ષા આવશ્યક છે. પણ પરસ્પર સંબંધોમાં, મનુષ્ય-પ્રકૃતિના સંબંધોમાં આ ખોજ ચિત્તને નિરોગી, નિરામય રહેવા દેતી નથી.

આનંદ જીવન જીવવાના કર્મમાં જ આવે, એમાં જ સંતૃપ્તિ મળે. પ્રત્યેક કર્મમાં સત્ય-પ્રામાણિકતાની ફોરમ હોય.



મનુષ્યદેહ પ્રભુ તરફથી મળેલો અમૂલ્ય અવસર છે તો સમગ્ર જીવન જ સાધના બને, પછી પૂજાગૃહમાં બેસવાની જરૂર ન રહે. ધ્યાનમાં બેસવું ન પડે, એ જીવવાની એક શૈલી બની જાય. વાતચીત દરમિયાન અંદર મૌનની સંપદા હોય. જીવન સંવાદી, સંપૂર્ણ, અખંડ બને, વિભાજીત ન બની જાય.

આવું ‘ગુણાત્મક પરિવર્તન’ કેળવણી જગતમાં અ-નિવાર્ય.

મનુષ્યમાં પશુસુલભ ક્ષુધા, તૃષા, કામવિકાર, નિદ્રા છે. એની વ્યવસ્થા કરી શકાય. પણ મનુષ્યતા આટલામાં જ સમાપ્ત થતી નથી. એની પાસે બીજું કોઈ તત્ત્વ છે, જેને ‘આત્મા’ કહે છે. આજના વૈજ્ઞાનિકો એને ‘Energy of supreme intelligence’ પરમ પ્રજ્ઞાની ઊર્જા કહે છે, એ આપણા હોવાપણાનો અર્ક છે. સત્ત્વ એમાં છે. એની શક્તિ આપણે વિકસીત કરી શકીએ અને પશુતાને આપણા પર સવાર થવા ન દઈએ તો એ જ ‘અધ્યાત્મ’ છે, ‘આત્મવિદ્યા’ છે.

આખા દિવસમાં કેવળ દસ મિનિટ તમે જ હો, સ્ત્રી, પુરુષ, કાર્યકર્તા, કોઈ વ્યક્તિ નહિ કેવળ ‘બ્રહ્માંડની અભિવ્યક્તિ’ હો એ રીતે બેસો.

આહાર-વિહાર-નિદ્રાની લયબદ્ધતા સિદ્ધ કરો.

જીવવાને શીખવાની પ્રક્રિયા સમજો. એને માટે ઉત્કંઠા, આકાંક્ષા, તત્પરતા દર્શાવો તો Learning keeps you fresh. ‘નિરંતર શીખવું તમને તરોતાજા રાખશે.’

**—શ્રી વિમલા ઠકાર**

‘શિક્ષણનો અર્થ છે, પરમાત્માએ તમારી ભીતર જે એક ખજાનાની જેમ રાખ્યું છે, એની શોધ કરવી, એના પ્રકાશમાં ઝગમગવા માટે !’